# श्री कृष्ण प्रणामी धर्म पत्रिका

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા

आये षटदर्शनी षट शास्त्रवेदी, बहत्तर फिरके आये अथर्ववेदी ।
आये सकल कैदी और बेकैदी, भई नई रे, नवों खण्डों आरती ॥



वि. सं. १७३५ में हरिद्वार कुम्भ मेलेपर विजयाभिनन्द बुद्ध निष्कलंक अवतार महामति श्री प्राणनाथजीकी आरती उतारते हुए विभिन्न धर्माचार्य एवं सन्त विद्वान ।


मई २०१०

वर्ष ८२ | श्री ५ नवतनपुरी धाम, जामनगर | अंक ५

www.krishnapranami.org
www.shritartamsagar.org




( १-१० ) श्री कृष्ण प्रणामी मन्दिर जयपुरके वार्षिक महोत्सवके विविध दृश्य
( ११-१४ ) माधव इन्टरनेशनल स्कूल, अहमदाबाद उद्घाटन अवसरके दृश्य
( १५ ) अंजार ( कच्छ ) में श्री कृष्ण प्रणामी मन्दिर स्थापनाके १०० वर्ष पूर्ण होनेपर आयोजित शताब्दी उत्सव पर आशीर्वचन प्रदान करते हुए
परम पूज्य आचार्य महाराजश्री

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા

સંસ્થાપક : બ્રહ્મલીન આચાર્ય શ્રી ૧૦૮ ધનીદાસજી મહારાજ

વિ.સં ૨૦૬૭ નિજાનન્દાબ્દ : ૪૨૮ બુદ્ધજી શાકે : ૩૩૩

વર્ષ ૮૨ અંક : ૫

મે ૨૦૧૦

| | | |
|---|---|---|
| મુદ્રક, પ્રકાશક તેમજ સ્વામિત્વ | } | જગદ્‌ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ |
| મુદ્રણ તેમજ પ્રકાશન સ્થળ | } | શ્રી ૫ નવતનપુરી ધામ ખીજડા મંદિર જામનગર - ૩૬૧ ૦૦૧ (ગુજરાત) ભારત |
| સંપાદક : | | શાસ્ત્રી શ્રી લક્ષ્મણ ચૈતન્ય *તથા* શ્રી કનકરાય વ્યાસ |

| | |
|---|---|
| વાર્ષિક શુલ્ક રૂા.૧૦૦/- | ૧૫ વર્ષીય શુલ્ક રૂા.૧૦૦૦/- |

સરનામું : શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા, શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મન્દિર જામનગર - ૩૬૧ ૦૦૧ ( ગુજરાત)

ફોન : (૦૨૮૮) ૨૬૭૨૮૨૯ : ફેક્સ (૦૨૮૮) ૨૫૫૧૩૫૩

**E-mail : navtan@sancharnet.in / navtanpuri@gmail.com**

**Website : www.krishnapranami.org/ www.krishnadham.org**

# છત્રસાલ જયંતી

**જેઠ સુદ ત્રીજના રોજ મહારાજા છત્રસાલજીની જન્મ જયંતી છે. આ વર્ષે આ પાવન દિવસ ૧૫ જૂન ૨૦૧૦ના રોજ આવે છે. પ્રણામી સમાજમાં શ્રી છત્રસાલ જયંતી ઉત્સાહ અને ખૂબજ ઉત્સાહ એવં ઉમંગથી મનાવવમાં આવે છે. છત્રસાલજી રાજા હોવા છતાં મહામતિ શ્રી પ્રાણનાથજી પ્રત્યે સમર્પિત હતા. તેમના મનમાં અહંકારનું સ્થાન લેશમાત્ર પણ ન હતું. તેઓ સદૈવ મહામતિ એવં ધર્મની સેવામાં સમર્પિત હતા. છત્રસાલ જયંતી વાસ્તવમાં સમર્પણનો દિવસ છે. આપણા હૃદયમાં આવી ભાવના પ્રગટ થાય તો આપણું જીવન ધન્ય બનશે.**

આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ

# ધર્મ અને ગૌરક્ષા

## બ્રહ્મલીન આચાર્ય શ્રી ૧૦૮ ધર્મદાસજી મહારાજ

આજે જગતમાં અનેક રાષ્ટ્રો સુખી છે, સમૃદ્ધ છે તેમજ દરેકે દરેક પોતપોતાની સંપત્તિ ઉપર ગર્વ પણ કરે છે. અમેરિકા, બ્રિટન તેમજ બીજાં પશ્ચિમી રાજ્યોમાં કરોડપતિઓ અને અરબપતિઓની સંખ્યા ખૂબ જ છે. જગતમાં પણ આજે શ્રીમંત વર્ગ વિસ્તૃત પ્રમાણમાં જોવા મળશે. જેમ જેમ માનવી વધુ પૈસો, સુખ અને વૈભવ મેળવે છે તેમ તેમ તેને વધારેને વધારે મેળવવાની તેમજ ભોગવવાની આકાંક્ષાઓ વધતી જ રહેવાની છે અને માનવી સંપૂર્ણ પણે આશાવાદી બનતો જ રહેશે. પરંતુ જગતમાં, દેશમાં સમાજમાં અને છેવટે કુટુંબમાં ભલે આપણે ગમે તેટલા સુખી અને સમૃદ્ધ હોઈએ છતાં પણ વ્યક્તિગત તથા વાસ્તવિક રીતે આપણે સંપૂર્ણપણે સુખી નથી. ઊંડે ઊંડે આપણને જરૂર કંઈક નિરુત્સાહ અને અશાંતિની ત્રુટિઓ જણાતી હશે તે છે ''જીવનમાં ધાર્મિક મૂલ્યોની ખોટ'' જેના વિના આપણે માનસિક રીતે દુઃખી થતાં હોઈએ છીએ.

રોજ બરોજના દૈનિક પત્રોમાં પણ આપણે ભાંગફોડિયા-પ્રવૃત્તિ, અત્યાચારો, ગુનાઓ, આપઘાતો અને ચોરીના બનાવો વારંવાર વાંચીએ છીએ. રાજકીય અને સામાજિક પરિસ્થિતિ દિન-પ્રતિદિન સંકીર્ણ અને વણઉકેલ પ્રશ્નનું સ્થાન લેતી જોવામાં આવે છે. હમણાં હમણાં અમેરિકા જેવા સમૃદ્ધ દેશમાં નીગ્રોના મહાન નેતા ડો. માર્ટિન લ્યુથરકીંગની હત્યા કરવામાં આવી એ વિષેના સમાચારો આપણે વર્તમાન પત્રોમાં વાંચેલાં હતાં તદ્‌ઉપરાંત તે જ દેશમાં પ્રમુખ કેનેડી અને તેમના ભાઈ રોબર્ટ કેનેડીની પણ હત્યા કરવામાં આવેલ હતી. આ બધા બનાવો પછી ત્યાંની સરકારે ઉપરોક્ત મહા-પુરુષોની હત્યા કરનાર હત્યારાઓની ઉલટ તપાસ કરવાનું કાર્ય હાથમાં લીધું. તેઓએ શા માટે હત્યા કરી હતી તે વિષેની માહિતી મેળવવા માનસ શાસ્ત્રીઓનું એક પંચ નીમેલું હતું તે દ્વારા ત્યાંની સરકારને જાણવા મળેલું કે સંયમ, સહિષ્ણુતા અને ધાર્મિક ભાવનાના અભાવે ગુનો કરવાની પ્રેરણા હત્યારાઓમાં જાગેલી હતી તેમજ ઉત્તરોત્તર થતા દરેક ગુન્હામાં સંયમ અને ધર્મનો અભાવ જોવામાં આવે છે.

જ્યાં મનુષ્ય ધન અને સમૃદ્ધિમાં એટલો બધો ડૂબી ગયો છે કે તેને સંયમ, ધર્મ, વ્રત, નિયમ, આચાર-વિચાર વગેરે કશું જ યાદ નથી આવતું. વસ્તુતઃ તે વૈભવ, વિલાસ અને સંપત્તિના અથાગ પ્રવાહમાં તણાતો જ જાય છે અને આખરે પોતાના

અમૂલ્ય માનવજીવનને વેડફી નાખે છે. દારૂ, જુગાર, માંસાહાર અને પરસ્ત્રીગમનથી ચકચૂર માનવી આસુરીપ્રકૃતિનો ભોગ બની જાય છે. વધારે પડતું સુખ, ઐશ્વર્ય અને ભોગ વિલાસ જો જાળવી ન શકાય તો અંતે તેનું ''વિનાશ'' કાળની ગતિમાં રૂપાંતર થાય છે. કારણ કે ''**धर्म एव हतो हन्ति धर्मो रक्षति रक्षितः**'' આ ઉપરથી આપણે એટલું તો જરૂર સ્પષ્ટ કરી શકીશું કે ચાહે માનવી ગમે તેટલો ધનવાન હશે, સુખી હશે, સમૃદ્ધિવાન હશે પરંતુ જો તેનામાં ધાર્મિક ભાવનાનો અભાવ હશે તો તેની ગતિ અધઃપતનમાં પરિણમશે. '' **चलाचले च संसारे धर्म एकोहि निश्चलः**'' ચલાચલ સંસારમાં માત્ર ધર્મ નિશ્ચિત ચીજ છે.

'' **न वित्तेन तर्पणीयो मनुष्यः**'' પ્રાચીન કાળથી જ આપણાં ઋષિ-મુનિઓ, સંતો મહર્ષિઓ કહેતાં આવ્યા છે કે માત્ર ધન વડે જ માનવી સંપૂર્ણ સુખી થઈ શકતો નથી. જગતના તમામ મહા-પુરુષોનું પણ આ એક જ સૂત્ર હતું કે, ''મનુષ્ય માત્ર રોટીના આધારે જ જીવી શકતો નથી.'' પરંતુ સાથે સાથે તેનામાં આધ્યાત્મિક, નૈતિક, વ્યાવહારિક અને સાંસ્કૃતિક મૂલ્યોની જરૂર રહે છે. જો માનવીમાં આ ગુણો નહીં હોય તો તેનું જીવન અને સંપત્તિ નષ્ટ થવાની સંભાવના રહે છે. ભલે સુખી હોય કે પછી ધનવાન હોય પરંતુ જો તે ધર્મ વિહીન અને સંસ્કારવિહીન હશે તો તે સંસારમાં કદી પણ સાચું સુખ લઈ શકવાનો નથી. મનુષ્ય પોતાનું જીવન, આચારવિચાર અને સંસ્કારો માત્ર ધર્મ દ્વારા જ ઘડી શકે છે. જ્યાં સુધી માનવી ગૃહસંસ્કાર, ધર્મસંસ્કાર તેમજ આચાર સંહિતા નહીં ઘડે ત્યાં સુધી તેનું જીવન સુકાની વગરની નાવ જેવું છે કે જે ભવસાગરરૂપી સમુદ્રમાં ગોથાં માર્યા જ રાખે છે અંતે તેનો વિનાશ થાય છે.

જીવન કઈ રીતે જીવવું તેના ઉપર થોડું હું મારું દષ્ટિબિંદુ આપ સૌ સમક્ષ રજૂ કરું છું. આ વાતની સાથે મને સ્વામી વિવેકાનંદના શબ્દો યાદ આવે છે. તે રોજ પોતાના પ્રવચનમાં સર્વપ્રથમ કહેતા કે ''તમારા લોટાને માંઝતા રહેશો, નહીં તો કાટ લાગી જશે.'' કહેવાનું તાત્પર્ય ગૂઢાર્થમાં સમાયેલું છે. એનો અર્થ એ થાય છે કે આપણાં જીવન રૂપી લોટાને રોજ માંઝતા રહેવાનું છે જેથી કરીને તેમાં દુર્ગુણોનો કાટ ન લાગી જાય. આપણું જીવન ધર્મ-સંસ્કારોથી સભર થાય તો જ આપણે ઉત્તરોત્તર ઉન્નત જીવન જીવી શકીશું.

જીવન-ધોરણ અને જીવનની જરૂરિયાતો ઊંચી રાખવાં કરતાં ઉચ્ચ-જીવન કઈ રીતે જીવી શકીએ તેનો આપણે વિચાર રાખવો જરૂરી છે. વધારે પડતી જરૂરિયાતો, વધારે પડતાં સુખસગવડનાં સાધનો, ભભકાદાર અને આંખને આંજી નાખે તેવાં વસ્ત્રો અને જીવન જરૂરિયાત સિવાયની મિથ્યા આકાંક્ષાઓ એ જ અધઃપતનનું કારણ છે.

પરંતુ **"સાદું જીવન અને ઉચ્ચ વિચાર"** આ સૂત્રને જો આપણાં વ્યાવહારિક અને વર્તમાન જીવનમાં અપનાવશું તો ખરેખર આપણાં જીવનની ઉન્નતિ થશે, તેમજ આપણી અંદર રહેલાં આધ્યાત્મિક મૂલ્યોનો વિકાસ થશે. તેના વડે આપણે સંસ્કારી, સંયમિત અને સદાચારી બનીશું. જ્યારે માનવીમાં નૈતિક અને ધાર્મિક મૂલ્યોનો વિકાસ થશે ત્યારે એક સુંદર સમાજ-રચના આપણે બનાવી શકીશું. સુંદર સમાજ રચનાથી દેશની સંસ્કાર સંપત્તિમાં વધારો થશે. જે દેશના સંસ્કારો ઊંચા હશે તે દેશના નાગરિકો પણ મહાન હશે.

આપણે સાધનોની પાછળ જેટલો રસ દાખવીને સમય ગુમાવીએ છીએ એમાંનો થોડો સમય કે રસ જો સાધ્ય માટે ખર્ચ કરીએ તો આપણો બેડો પાર થઈ જશે. પરંતુ સાધનો પાછળની આંધળી દોટ માનવીને કદી સાધ્યની ઝાંખી સરખી પણ થવા દેતી નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે સર્વપ્રથમ આપણે આપણાં "જીવનનું ધ્યેય" નક્કી કરી તેને યોગ્ય માર્ગે વાળવાનું કાર્ય હંમેશાં કરવાનું છે. માટે સૌ પ્રથમ "ધ્યેય"ને નક્કી કરતાં શીખો.

શ્રીકૃષ્ણજીએ ભારતને કર્મ ભૂમિ કહી છે. જ્યારે અન્ય દેશોને ભોગ-ભૂમિ કહેલ છે. તે ઉપરથી આપણે એટલું તો જરૂર સ્પષ્ટ કરીશું કે આપણો દેશ કર્મ-પ્રધાન છે. અહીં કર્મને પ્રાધાન્ય આપવામાં આવે છે. ખેતી અને ગોપાલન ભારતની મહા-મૂલી મૂડી છે. જેમ બને તેમ અનાજ ઉગાડવું અને ગાયોની સેવા કરવી આ બંને સૂત્રો આપણા ભારતની ઉન્નતિના મૂલ સ્તંભો છે એમ આપણાં આદ્ય-પુરુષો કહેતા આવ્યા છે. પરંતુ આજે આપણે આ વાતને બિલકુલ ભૂલી ગયા છીએ. અનાજ પરદેશથી મંગાવવું પડે છે અને ગાયોની સેવા કરવાને બદલે કતલખાને ધકેલી દેવામાં આવે છે. !!

**(નોંધ : આ લેખ તે સમયમાં લખાયેલો જ્યારે ભારતમાં કૃષિ ક્રાન્તિ આવેલી ન હતી જેથી અનાજની પણ આયાત કરવી પડતી હતી.)**

ભારત વર્ષમાં જન્મેલાં આર્યો ! ભારત માતાના સપૂતો, ભારતવાસીઓ આ વાતને ભૂલતા જ જાય છે. માટે વાંચકવૃંદ !! આ અધઃપતન ઉપર જરા વિચાર કરવો ઘટે છે. આજે ગૌવધ વિરોધમાં જે આંદોલનો ચાલી રહેલ છે તેના સંબંધમાં હું એમ કહેવા માગું છું કે આજની હઠાગ્રહી સરકાર સામે વાક્ચાતુર્યથી કે આંદોલન કરવાથી ગૌરક્ષા થઇ શકે એમ લાગતું નથી. આપ સૌ ગૌ ભક્તોને હું એટલું કહેવા માગું છું કે ચારેય મઠના શંકરાચાર્યો અને ચારેય સંપ્રદાયના મઠાધીશો અથવા ભારત-વર્ષના સંતો મહંતો આપ સૌને હું એ પૂછવા માગું છું કે આપની પાસે ગાયો કેટલી ?

ભારતનો ઈતિહાસ આ બાબતમાં આપણને ઘણું ઘણું કહી જાય છે. આપણાં આદ્ય-મહાપુરુષો, ધનિકો અને ઋષિમુનિઓ પાસે લાખોની સંખ્યામાં ગોધન હતું જેનો ઉલ્લેખ આપણને વેદો-સ્મૃતિઓ અને પુરાણોમાં જોવા મળે છે. માટે મારા મંતવ્ય મુજબ ભારતમાં વસતા દરેકે દરેક ભારતીયની ફરજ છે કે પોતપોતાની શક્તિ દ્વારા ગાયોનું પાલન કરવું જરૂરી છે. ભારતમાં વર્તમાન સંજોગોમાં પણ એવા ધનિક પુરુષો છે કે જે સો, હજાર કે લાખોની સંખ્યામાં ગાયોનું પાલન કરવાની શક્તિ ધરાવે છે. એટલી અખૂટ સંપત્તિ પરમાત્માએ તેઓને આપી છે.

ખરેખર તપાસ કરતાં મને એટલું તો જરૂર જણાયું છે કે "ગૌરક્ષા-આંદોલન" ઉપાડનારાઓ પૈકી કેટલાય પાસે એક પણ ગાય નથી !!! તો શું આ ગૌરક્ષા આંદોલન સાચું છે ?

ગૌરક્ષા-આંદોલન ઉપાડતાં પહેલાં ગોપાલન ઉપર ધ્યાન આપો તો આપો આપ ગૌરક્ષા થશે. જો દરેક મનુષ્ય પ્રેમથી ગાયોનું પાલન કરતો હોય તો ગાયોની કતલ ન થવા પામે. અમારા શ્રેષ્ઠી વર્ગોને મારો આગ્રહ છે કે તમારું ધન ગૌરક્ષા માટે ઉપયોગ કરો. જે જે સંસ્થાઓમાં ગૌશાળાઓ આવેલી છે તેમાં છૂટા હાથે દાન કરો તેનાથી તમારી મૂડીનો અનમોલ ઉપયોગ થશે.

ધર્મ, ગોપાલન તેમજ ગૌરક્ષાને સૌ પોતાના જીવનમાં અને વ્યવહારમાં સ્થાન આપશે તેવી આપ સૌની પાસે અપેક્ષા રાખું છું.

# એ ચલે ચીંટી હાર જ્યોં......પરંપરા

## ડૉ.ધનસુખ જે. પટેલ-સંતરામપુર

પરંપરા એટલે પરાપૂર્વથી કે પાછળથી ચાલી આવતી કેટલીક રૂઢિ-રીતિરિવાજ અને માન્યતાઓ. કેટલીયે પરંપરાઓ ગૌરવપ્રદ હોવા છતાં ઘણી બધી પરંપરાઓ સમાજને, વ્યક્તિને કુંઠિત કરી અધ:પતિત બનાવતી હોય છે. આવી અનુચિત અને બિબાઢાળ પરંપરાઓથી બહાર નિકળ્યા સિવાય વિકાસપથ પર અગ્રેસર બનવું મુશ્કેલ છે. મહર્ષિ વ્યાસજી કહે છે,

**ઉર્ધ્વ બાહુ ર્વિરૌપ્યેવ નચ કશ્ચિત શૃણોતિ મે ।**

અર્થાત્ હું બંને હાથ ઊંચા કરીને જગદ્ જીવોને પોકારી પોકારીને કહી રહ્યો છું છતાં, કોઈ સાંભળતું નથી. સૌ કોઈ પરંપરામાંથી બહાર આવતા નથી. મહામતિ શ્રી પ્રાણનાથજી પણ કહે છે, આવા લોકોને ગમે તેટલું પોકારી પોકારીને કહેવામાં આવે તો પણ તેઓ પોકાર સાંભળતા નથી. એક કીડી પાછળ અનેક કીડીઓની હાર ચાલી જાય તથા એક ઊંટ પાછળ અનેક ઊંટ કતારબંધ ચાલ્યા જાય તેમ તેઓ પણ વિવેકબુદ્ધિનો ઉપયોગ કર્યા વગર પારંપરિક માર્ગે ચાલતા હોય છે. જેમકે,

**એક લોક રાહ ન પાવહીં, ક્યોં એ ન સુને પુકાર ।**
**એ ચલે ચીંટી હાર જ્યોં, બાંધે ઊંટ કતાર ।।**

**(કિરંતન ૬૩-૩)**

આજે ધર્મ, મત, પંથ, સંપ્રદાય કે સમાજ આ બધું વાડાબંધી જેવું એક પ્રકારે પરંપરારૂપ બની ગયું છે. હિંદુ, જૈન, ઈસાઈ, બદ્ધ, મુસ્લિમ શીખ-કોઈ પણ ધર્મનું લેબલ ધરાવનારનાં સંતાનો ભાવિ પેઢી આ પ્રકારે પારંપરિક ધર્માનુયાયીઓ બનતાં હોય છે ? આવી પરંપરામાં કેટલાંયે દૂષણો ઉમેરાતાં જતાં હોય છે. જેને લઈને મનુષ્યનું જીવન સ્તર નિમ્નકક્ષાનું બનતું જતું હોય છે, સંસ્કૃતમાં કહેવાયું છે, તાતસ્ય કૂપોયિ ઈતિ બ્રુવાણ, ક્ષારં જલં કાપુરુષાઃ પિબન્તિ । અર્થાત્ બાપદાદાનો કૂવો છે. ભલે ખારું પાણી હોય કાપુરુષો તેનું જ પાન કરે છે. આ પ્રમાણે મિથ્યા ગૌરવરૂપ પરંપરાઓ ઊભી થતી હોય છે. જે જીવન વિકાસની અવરોધક હોય છે !

ઋષિ મહર્ષિઓ કૂળ પરંપરા, ધર્મ પરંપરાને ઓળંગીને જગતને નવીન વિચારધારા ભેટ આપે છે. મુસ્લિમ ધર્મ મહંમદ સાહેબે સ્થાપ્યો, ગૌતમ બુદ્ધે બૌદ્ધ ધર્મ સ્થાપ્યો, ઈશુ ખ્રિસ્તએ ખ્રિસ્તી ધર્મ સ્થાપ્યો. શકંરાચાર્યએ હિંદુ ધર્મને નવીન કલેવર આપ્યું. તેમ સંપ્રદાય સ્થાપકો જેમકે વલ્લભાચાર્ય, સ્વામી નારાયણ ભગવાન, સ્વામી શ્રી પ્રાણનાથજી, ઈમામશા બાબા વગેરે પારંપરિક કૂળ અને ધર્મથી અલગ થઈને આત્માનુભૂતિ અને અદ્‌ભુત વિચાર શક્તિના સહારે સંપ્રદાયો સ્થાપ્યા, કબીર, નાનકજી, વિવેકાનંદ, દયાનંદ સરસ્વતિ, રામદાસ સ્વામી, રામકૃષ્ણ પરમહંસ જેવા દેશના ગૌરવરૂપ અનેક સંત, વિદ્વતજનો જો પ્રચલિત પરંપરામાં અટવાયેલા રહ્યા હોત તો જગતને તેમના દ્વારા પ્રાપ્ત ઉત્તમ માર્ગદર્શનથી આપણે વંચિત રહી ગયા હોત. આવા સપૂતો જ જગતને નવો રાહ ચીંધી અદ્‌ભુત પ્રેરણા અને માર્ગદર્શન દ્વારા સુપ્રતિષ્ઠિત કરી શકે. નાના હતા ત્યારે એક સુભાષિત ભણવામાં આવતું હતું.

**ચીલે ચીલે ગાડી ચલે, ચીલે ચલે કપૂત ।**
**પણ એ ચીલે નવ ચલે, ઘોડા સિંહ સપૂત ।।**

આવા સપૂતોને વંદન કરીએ છીએ. તેમણે પરમાત્મા પ્રદત્ત વિશેષ પુરસ્કારરૂપ બુદ્ધિશક્તિનો ઉત્તમોત્તમ ઉપયોગ કર્યો. પારકી બુદ્ધિથી ચાલનારાનો આજે જગતમાં તોટો નથી. અનેક પ્રકારની અનુચિત્ત પરંપરાઓમાં ગતાનુગતિ લોકાઃ એટલે કે આંધળું અનુકરણ અને દેખાદેખી મુખ્યરૂપ છે.

એક સમયે રશિયાના ઝાર એલેકજાન્ડરના મહેલમાં વિદેશ રાજદૂત બિસ્માર્ક મહેમાનગતિ માણવા આવ્યા. તેમણે ઉતારાના રૂમની બારીમાંથી જોયું કે દૂર એક બગીચામાં કોઈ એક સૈનિક પહેરો ભરી રહ્યો છે. આજુબાજુથી કોઈ ચડી આવે તેવો રસ્તો કે પરિસ્થિતિ નથી. તેમની સમજમાં ના આવતાં ઝારને પ્રશ્ન કર્યો આમ કેમ ? ઝાર-રાજાએ તપાસ કરાવી, દસ્તાવેજો તપાસ્યા કાંઈ ખબર પડી નહીં છેવટે સો વર્ષ પૂર્વેના દસ્તાવેજો તપાસતાં માલૂમ પડ્યું કે મહારાણી કેથરીનાના સમયે આ બગીચા પર એક અદ્‌ભુત ફૂલ છોડ ઊગી નીકળ્યો હતો. તેના સૌંદર્ય પ્રધાન ફૂલોની રખેવાળી કરવા આ જગ્યાએ સ્પેશ્યલ એક સૈનિકની નિયુક્તિ કરવામાં આવી હતી. બાદમાં ફૂલ છોડનો નાશ થયો છતાં પણ નિયુક્તિ ચાલુ રહી જે આજ સુધી ચાલુ હતી. બીન જરૂરી હોવા છતાં પરંપરાનું આંધળું અનુકરણ આવી રીતે થયા કરતું હોય છે. આંખો મીંચીને સમજ્યા વગર આવી પરંપરાઓને શા માટે પોષીએ છીએ ?

રઘુકૂળ રીત સદા ચલી આઈ, પ્રાણ જાયે પર વચન ન જાએ કહીને ભગવાન રામે કૂળ પરંપરાનું ગૌરવ કર્યું. સામે પક્ષે રાજગાદી પર રાજા બેસે છતાં ભરતે ચરણ પાદુકા પધરાવીને તે પરંપરાને સમજના સથવારે છોડી. આજે સતિ પ્રથા, દૂધ પીતી, અસ્પૃશ્યતા, જ્ઞાતિ પ્રથા જેવી પરંપરાઓ નષ્ટપ્રાયઃ થઈ રહી છે. મથુરામાં દૂધ, માખણ મોકલવાની પરંપરા અને ઈંદ્રપૂજા જેવી પરંપરાઓ તોડીને શ્રી કૃષ્ણ ભગવાને સંકેત આપ્યો કે ભય પ્રેરિત કોઈ પણ પરંપરાને સ્થાન હોવું જોઈએ નહીં. ગાંધીજી, સરદાર, નહેરુ, સુભાષ બાબુ જેવા દેશ ભક્તોએ ગુલામીની પરંપરા સામે તેમજ રાજાશાહી પરંપરા સામે બંડ પોકાર્યું અને લોકશાહીની અનુપમ દેણ આપી. આમ ક્યારેક પરંપરા તોડવા માટે સંઘર્ષ પણ કરવો પડતો હોય છે. જીવન સમર્પિત કરવું પડતું હોય છે.

કૌટુંબિક રીત, ધર્માચરણ, ઉપાર્જન પદ્ધતિ, વ્યવહાર આ બધા વાતાવરણ જે એક પારંપરિક સ્વરૂપ કહેવાય, તેને ઓળંગીને અનેક સંતો, મહંતો, વિદ્ધાનોએ પોતાનાં જીવન સમર્પિત કરી દીધા અને જગત કલ્યાણ માટે માર્ગ પ્રશસ્ત કર્યો.

હું કોણ છું ? ક્યાંથી આવ્યો છું ? ક્યાં જવાનો ? આ જગતનો કર્તા કોણ ? પહેલા હું ક્યાં હતો ? અન્ય સંતોની જેમ શ્રી દેવચંદ્રજીને પણ આવા પ્રશ્નો મુંઝવતા હતા. કૌટુંબિક પરંપરામાં તેના કોઈ ઉત્તર ન હતા. તેમનાં માતાપિતા વૈષ્ણવમાર્ગી હતાં. તેઓ તે માર્ગે ચાલી શક્યા હોત પરંતુ તેમણે તેવું કર્યું નહીં. જ્યાં સુધી બુદ્ધિમાં ઉતરે નહીં ત્યાં સુધી તેનો સ્વીકાર કેમ થાય ? શ્રી દેવચંદ્રજીએ આ માટે શોધ, સંશોધન અને પરિભ્રમણ કર્યું. અંતે આત્મસાક્ષાત્કાર અને અનુપમ જ્ઞાન પ્રાપ્ત થયું. તેમણે તે જ્ઞાનની જગતને પ્રણામી ધર્મ સ્વરૂપે ભેટ આપી. સર્વધર્મ સ્વીકાર અને વૈશ્વિક ધર્મ સ્વરૂપનું દિગ્દર્શન કરાવનાર જ્ઞાનનો તેમાં સફળ મહાપ્રયાસ છે. ગાંધીજીએ જેનો ગાંધી સિનેમામાં ઉલ્લેખ કરેલ છે. પરંપરાના બંધનો આવી ભેટથી જગતને વંચિત કરનાર હોઈ જ્યાં પણ જરૂર પડે ત્યાં તેનો ત્યાગ કરવો પડે. પરંપરા એટલે એક જાતનું બંધન, તે નવું કાંઈ શિખવા દેતી નથી, નવું કાંઈ કરવા દેતી નથી, નવું કાંઈ આપતી નથી કે લાવતી નથી. તે બંધિયાર પાણી જેવી છે. સમજના અભાવે મહાજનો યેન ગતઃ સપંથા કહી ભલે પરંપરાને વળગી રહેનાર હોય તેઓ મહાપુરુષોએ વિચારેલા માર્ગે ચાલી શકે છે. પરંતુ, પરમાત્માની અદ્‌ભુત દેણ એવી બુદ્ધિશક્તિનો ઉપયોગ કર્યા વગર પરંપરાના વળગણને ચીટકી રહેનાર દયાને પાત્ર છે. બુદ્ધિ નિષ્ઠ થઈ વિવેક દ્વારા પરિવર્તનો લાવવાનો સુંદર ઉપદેશ સ્વામી રામદાસજીએ દાસબોધમાં

આપ્યો છે, વિવેકે ક્રિયા આપુલી પાલહાવી અર્થાત્ વિવેકપૂર્વક પરિવર્તનો કરીએ. બુદ્ધિને બચાવવાની ન હોય, ઉપયોગ કરવાનો હોય ?

પરંપરામાં અજ્ઞાનતાનો ફાળો પણ બહુ મોટો હોય છે. પરંપરાનું વળગણ પરંપરાને ગૌરવરૂપ ગણે તે ખોટુ. એક દૃષ્ટાંત જોઈએ, પરંપરા જ્ઞાનનું રૂપ લઈને કઈ રીતે છેતરે છે ? એક સંતે ધ્યાન ધરવા તથા શિષ્યોને ઉપદેશ આપવા માટે પોતાની કુટિરમાં એક અલાયદો ઓરડો રાખ્યો હતો. એક સમયે અચાનક ઉંદરોનો ઉપદ્રવ વધી જતાં ગુરુ ધ્યાન ભંગ થવા લાગ્યા. ઉપાય રૂપ તેમણે એક બિલાડી પાળી, ઉંદર આવે નહીં અને ધ્યાન ભંગ થવાય નહીં તે માટે તેને નજીકમાં થાંભલા સાથે બાંધી દેતા. ગુરુજીના અવસાન બાદ તેના સ્થાને આવેલ શિષ્યએ પણ તેમ જ કર્યું. આ જોઈને અન્ય શિષ્યોને લાગ્યું કે ધ્યાન ધરવા માટે બિલાડી બાંધવી જરૂરી છે. ઉંદર આવતા બંધ થઈ ગયા છતાં તેઓ એ બિલાડી બાંધવાની પરંપરા ચાલુ રાખી. આગળ જતાં એક વિદ્વાન શિષ્યએ ઊંડું સંશોધન કરીને આ પરંપરાને ઉચિત ઠેરવતો એક મહાગ્રંથ,' ધ્યાન ધરવામાં બિલાડી બાંધવાની ઉપયોગિતા' લખ્યો. તેનો ખૂબ પ્રચાર પણ થયો.

કૌટુંબિક વિચાર કરીએ તો બાપાને ગમતું હોય તે દીકરો પરંપરા પાળે. પરંપરા ગૌરવ રૂપ છે કે અનુચિત્ત એનો વિચાર કર્યો વગર એ સંસ્કારમાં રંગાઈને તે ચાલે છે. આમ પરંપરાના પ્રવાહનો જય થાય છે. દીકરો પિતાના માર્ગે એટલા માટે પણ ચાલતો હોય છે કે પૂર્વજોનો માર્ગ સાચો છે એવી માન્યતાથી સૂક્ષ્મ ઈગો પ્રેરિત સ્વભાવ અને આસપાસના વાતાવરણ સંજોગોના પ્રભાવને લઈને પ્રેરાય છે. અગ્રેસર કીડીની પાછળ જેમ હારબંધ અન્ય કીડીઓ ચાલી જતી હોય છે તેમ સમજવાના પ્રયત્ન વગર તે ચાલતો હોય છે. આજે આપણે જોઈએ છીએ કે કૂળપરંપરા ગત વ્યવસાયને, વેશભૂષાને અને રહેણીકરણીને લોકો તિલાંજલિ આપી રહ્યા છે. ખેડૂત, સોની, લુહાર, વેપારીના દીકરાઓ પારંપરિક વ્યવસાયને તિલાંજલિ આપીને ડૉક્ટર, વકીલ, એંજિનિયર, કે ઉદ્યોગપતિ બની કોઈ પણ ઉચિત લાગતા વ્યવસાય સાથે જોડાઈ ગયા છે. જીવન ઉન્નત બને, વિકસિત થાય તે માટે તે ખુશીથી પરંપરા તોડતા હોય છે. અગર સાચી સમજ પ્રાપ્ત થાય તો પરંપરાનાં બંધનો સહેલાઈથી તૂટી જતાં હોય છે. વધુ એક પ્રચલિત દૃષ્ટાંત જોઈએ, મરણપથારીએ પડેલ એક વૃદ્ધ ચાર દીકરા પાસે વચન માગે છે કે તે

ચોરીની કૂળ પરંપરાને જાળવી રાખશે અને કોઈ કથા સત્સંગમાં જશે નહીં. દીકરો નિષ્ઠાપૂર્વક તેનું પાલન કરે છે. એક સમયે ચોરી કરવા જતાં કથા સ્થલની નજીકથી જવાનુ થયું. કથાના શબ્દો કાનમાં પડે નહીં તે માટે કાનમાં આંગળીઓ મૂકી દીધી. છતાં, કાંટો વાગતાં આંગળી છૂટી ગઈ અને દેવને પડછાયો હોતો નથી આટલા શબ્દો કાને પડ્યા. એક વખત દેવનો વેશ લઈને ચોરીનો ભેદ ઉકેલવા આવેલા બહુરૂપીનો પડછાયો જોઈને તે તેના સાથીઓને બહુરૂપીના શરણે જતા અટકાવે છે, સૌ બચી જાય છે. હવે તેણે સમજ આવતાં ચોરીની પરંપરા છોડી દીધી. તે ચોરની જેમ આંધળા બની ચાલનારાઓની બુદ્ધિ, વિચાર અને વિવેક કુંઠિત થઈ ગયાં હોય છે તેનો હિંમત અને સાહસના અભાવે તેમજ આળસ અને સ્વાર્થાનુકૂળતાને લઈને પણ પરંપરામાર્ગી બની રહેતા હોય છે.

મહામતિ શ્રી પ્રાણનાથજી કહે છે,

**દૂધ તો દેખ્યા નહીં, દેખ્યા ઉપરકા ફેન ।**
**દૌડ કરે પડે ખૈંચમેં, યોં લગે દુઃખ દેન ।।**

**(કિરંતન ૬૩-૫)**

અર્થાત્ જે લોકો દૂધ એટલે કે સત્યને જોવા માગતા નથી અને પરંપરામાર્ગી બની દોડી રહ્યા છે તેમની દૃષ્ટિ દૂધ ઉપરના ફીણ જોવા પૂરતી જ હોય છે. આ ફીણ એટલે કે સ્વીકારેલી પરંપરારૂપ ભ્રાંત સત્ય. આવા લોકો ખેંચાખેંચીમાં અટવાઈ જઈને જગતમાં દુઃખો ઊભાં કરતા હોય છે. ગાંધીજી કહે છે, મારી સલાહ જેની બુદ્ધિ તેમજ અંતઃકરણમાં ન બેસે તેણે અનુસરવાની જરૂર નથી. પરમાત્માએ બધા પ્રાણીઓમાં મનુષ્યને જ ઉત્તમ પ્રકારની બુદ્ધિ આપી છે તેનો ઉપયોગ કરવાનું સંતો કહે છે. મહામતિ શ્રી પ્રાણનાથજી પણ કહે છે,

**જ્યોં લગ આતમ ન દેવે સાખ, તોલોં ભલે પ્રબોધ દીજે દશ લાખ ।**

**(શ્રી મુખવાણી)**

મતલબ પરંપરાને ત્યારે જ કબૂલ કરો જ્યારે બુદ્ધિમાં ઉતરે, આત્મા માને.

# પગલી ગોપીની પ્રેમ સાધના ભાગ ૧

## પ્રેમવતીનો પ્રેમ-૧

### કથા લેખક : પં. મંગલજી ઉદ્ધવજી શાસ્ત્રી, સદ્‌વિદ્યાલંકાર

(પ્રેમની સાધનાને નારદ ભક્તિસૂત્રમાં સરલ પણ બતાવી છે, ને કઠિન પણ. તેમાં પ્રથમ સ્થાન આવે છે ભાવવૃદ્ધિનું. માત્ર શ્રી કૃષ્ણના ગુણાનુવાદ દ્વારા અંતરાના ભાવ પ્રગટે છે, દર્શન તો બહુ દૂરની વાત છે. પ્રેમવતીના પાત્ર દ્વારા ભાવવૃદ્ધિ કેવી રીતે થાય છે ? એ વસ્તુનું નિરૂપણ આ કાવ્ય કથામાં દર્શાવવામાં આવ્યું છે. સંપાદક)

વિજયાદશમીના શુભ મુહૂર્તે બરસાનાની એક ગોપકન્યા આણુ વળીને ગોકુલના એક ગોપને ત્યાં આવી. એણે સર્વ પ્રથમ જ શ્વસુર ગૃહમાં મંગલપ્રવેશ કર્યો.

જ્યારે એ દશવર્ષની હતી, ત્યારે બાર વર્ષે આવતાં એક જ દિવસે ગોપ જાતિના સમૂહ લગ્નમાં તેનાં લગ્ન થયાં હતાં. સંજોગોવશાત્ એ વર્ષ બ્રહ્માના વત્સહરણ સમયે ગોકુલના ગ્વાલબાલો અને વાછરડાંઓનું બ્રહ્માએ હરણ કર્યું હતું. બ્રહ્માની સાન ઠેકાણે લાવવા નંદકુમારે ઘરે ઘરના વાછરડાંઓ અને ગ્વાલબાલોનું સ્વરૂપ ધારણ કરીને **'સર્વં બ્રહ્મમયં જગત્'** નો પ્રત્યક્ષ પરિચય બ્રહ્માને આપ્યો હતો. એ જ વર્ષે ગોપજાતિનાં વર અને કન્યાઓનું સમૂહ લગ્ન આવ્યું. જુદા-જુદા ગ્વાલબાલોના રૂપે સાક્ષાત્ શ્રી કૃષ્ણ સાથે તમામ કન્યાઓનાં લગ્ન થયાં.

પ્રેમવતીએ લગ્ન પછી માત્ર પોંખાવા માટે પોતાના ભાઈના સાથે શ્વસુરગૃહે આવી હતી અને તરત જ પિયરમાં પાછી ફરી હતી.

આજે આણુ વળીને એ આવી અને ઘૂમટામાંથી તેણે પોતાના લૌકિક પતિને જોયો ! ત્યારે તેને ખ્યાલ આવ્યો કે બે વર્ષ પહેલાં મંગળ ફેરા ફરતી વખતના પતિના જેવું દિવ્ય તેજ આજના પતિમાં દેખાતુ ન હતું ! પરંતુ આ રહસ્યોનો તેને ખ્યાલ પણ ક્યાંથી આવે ?

હાં, તો ઘરમાં કંકુ પગલાં કરીને પ્રવેશ કરતી પ્રેમવતીએ સાસુ સસરાને પ્રણામ કર્યા અને એ પતિ-પત્ની બન્ને શ્રી નંદરાયજી અને યશોદાજીને પ્રણામ કરવા માટે નંદાલયમાં આવ્યાં.

ઘેરથી નીકળતી વખતે પતિએ પ્રેમવતીને કહ્યું હતું કે 'આપણે શ્રી નંદ યશોદાને પ્રણામ કરવા જઈએ છીએ, નંદજી આપણા આગેવાન રાજા છે'.

પ્રેમવતીએ માર્ગમાં પ્રશ્ન કર્યો, 'શ્યામસુંદર જેનો પુત્ર છે, એ નંદરાયજી ?'

હા હા એજ નંદરાયજી ! એમના પુત્રને અમે સૌ મિત્રો 'કનૈયો' કહીએ છીએ, અમે એના સાથે જ વાછરડા ચરાવવા જઈએ છીએ અને આખો દિવસ સાથે જ રમીએ છીએ. મારો તો એ પ્યારો મિત્ર છે.

ત્યારે તો આપણને નંદકુમારના દર્શન પણ થશે. પ્રેમવતી બોલી, મારી સખીઓએ મને કહ્યું છે કે યશોદાનો લાલો તે સ્વયં ભગવાન છે, તું ભાગ્યવતી છે પ્રેમવતી. જેથી તને ગોકુલમાં સાસરું મળ્યું. રોજ-રોજ એ કન્હૈયાના દર્શનનો લહાવો લેતી રહેજે.

એ સાચું, પ્રેમવતીના પતિએ કહ્યું પરંતુ કન્હૈયો તો ગાયો ચરાવવા માટે વૃન્દાવન તરફ ગયો હશે, સૂરજ નમ્યે એ આવશે.

જેનાં દર્શનની આકાંક્ષા હોય, તેના દર્શન નહિ થવાથી આતુરતા વધી જાય છે, પ્રેમવતીએ મનમાં વિચાર્યું નંદકુમારના દર્શન થઈ ગયાં હોય તો નેત્રો સફલ થઈ જાત પરંતુ......

વાતો કરતાં કરતાં બંને પતિ-પત્ની નંદાલયમાં આવ્યા, દૂરથી પાલવ પાથરીને પ્રેમવતીએ નંદરાયજીને પ્રણામ કર્યા અને પછી ઘરમાં પ્રવેશીને યશોદાજીને પ્રણામ કર્યા. નવવધૂના ગાલે સ્પર્શ કરીને ચુંબન કર્યા બાદ યશોદાજીએ કહ્યું. શ્રીદામા ! તારી વહુનું મુખડું તો ચન્દ્રમાના જેવું છે, તમને બંનેને મારા અંતરના આશીર્વાદ છે.

ચન્દ્ર શબ્દ સાંભળીને આ નવવધૂના હૃદયમાં કૃષ્ણચન્દ્રનું સ્મરણ થઈ આવ્યું, પ્રેમવતીની સખીઓએ પણ એમ જ કહ્યું હતું, કન્હૈયો રંગે શ્યામ હોવા છતાં તેનું મુખ તો ચન્દ્રના જેવું છે. ....પરંતુ તેના દર્શન આજે તો ક્યાં થાય ?

દાસીએ માતા યશોદાજીની આજ્ઞાથી આ વર કન્યાના પાસે મિષ્ટાનના પાત્રો ધર્યા. માતાજી બોલ્યાં, આરોગો બંને જણાં, ગોકુલના દરેક વર કન્યા પ્રથમ દિવસે અહીં આવીને પ્રસાદ આરોગે છે અને આ માવાના લાડુ તો મારા લાલાને બહુ ભાવે છે.

વર કન્યાએ પ્રસાદ લીધો, પરંતુ પ્રેમવતીનું હૃદય તો કૃષ્ણ દર્શન માટે આતુર બની ગયું હતું. જાણે કે એનું અંતર પોકારી રહ્યું હતું.

**(મીઠાં મધુને મીઠા મેવલા-એ રાગ)**

**મેવા મિષ્ટાંન પડ્યાં થાળમાં રે લોલ, લીધો ત્યાં ગ્રાસ માત્ર એક જો ।**
**ચિત્તડું તો ચન્દ્રનું ચકોર છે રે લોલ, (પણ) ચન્દ્રને ચકોર છે અનેક જો ॥**
**દર્શન વિના બીજું કંઈ ના ગમે રે લોલ...૧**

પ્રેમવતીએ પ્રસાદનો એક ગ્રાસ લીધો અને એ વિચારે ચડી, માતાજી મારા મુખને ચન્દ્રની ઉપમા આપે છે પરંતુ હું તો કૃષ્ણ ચંદ્રની ચકોરી છું, એના દર્શન વિના કાંઈ ગમતું નથી પરંતુ એના દર્શન ક્યાં સહેલાં છે. એ ચન્દ્રને તો અનેક ચકોર(ભક્તો)છે, એમાં મને દર્શન ક્યાંથી થાય ? અને એ જેમ જેમ વિચારતી ગઈ, તેમ તેમ તેનું પૂર્વ સ્મરણ જાણે ખુલતું ગયું. એક....બે..ત્રણ.... ગ્રાસ તો માંડ માંડ લઈ શકી, ચોથો ગ્રાસ તો તેના હાથમાં જ રહી ગયો. એ વિચારી રહી હતી.

**ચોરીના ચાર સ્તંભ મધ્યમાં રે લોલ, આવ્યો તો મનડાંનો મોર જો ।**
**અંતરના ભાવ થકી ઓળખ્યો રે લોલ, છૂપાયેલ ચિત્તડાંનો ચોર જો ॥**
**દર્શન વિના ના....૨**

હા, કાંઈક યાદ આવે છે. પ્રેમવતી વિચારે ચડી, બે વર્ષ પહેલાં ચોરીના ચાર થાંભલાની વચ્ચે એ જ મારો ચિત્તચોર આવ્યો હતો, આજનો પ્રસાદ લેવાથી અને હ્રદયના ભાવથી હું એને ઓળખી ગઈ છું. જો કે આજ સુધી તો એ મારા ચિત્તમાં છૂપાયો હતો. પરંતુ....

**આજનો દિવસ તો નિષ્ફળ જશે રે લોલ, સૂનું છે નંદનું ભવન જો ।**
**સાંભળ્યો, છતાંય જોઈ ના શકી રે લોલ, ક્યાંથી ભાવે ભોજન જો ॥**
**દર્શન વિના ના....૩**

પરંતુ મારો આજનો દિવસ નિષ્ફળ ગયો, નંદકુમાર અહીં નથી એથી નંદભવન સૂનું સૂનું લાગે છે. હા, માતા યશોદા આગળથી એનાં ગુણગાન સાંભળ્યાં, પરંતુ દર્શન વિના આ ભોજન તો ક્યાંથી ભાવે ? અને નવવધૂને પાસે બોલાવીને માતાજીએ તેના હાથમાં પાંચ સોના મહોરો આપી, વારણા લઈને બંનેને આશીર્વાદ આપ્યા. પ્રેમવતીનો પતિ આગળ થયો પરંતુ નવવધૂ નીચું જોઈને કેમ ઊભી રહી હશે ? એના અંતરને એ વિચારો લૌકિક પતિ ક્યાંથી વાંચી શકે ? એ તો મનમાં વિચારી રહી છે.

**મંડપમાં હસ્તગ્રહણ મેં કર્યું રે લોલ, એ તો છે નંદનો કુમાર જો ।**
**લૌકિક પતિ તો માત્ર પ્રિય છે રે લોલ, (પણ)પ્રિયતમ તો યશોદાનો લાલ જો ॥**
**દર્શન વિના ના...૪**

ભાવવૃદ્ધિ થતાં પ્રેમવતીનાં હૃદયદ્વારો ખુલ્લી રહ્યા હતાં, ત્યાં ને ત્યાં ઊભી રહીને એ વિચારી રહી છે. યાદ આવે છે કે મંડપમાં સામે બેસીને એ નંદકુમાર સાથે જ મેં હસ્તગ્રહણ કર્યું હતું. ભલે, મેં એને આજે જોયા નથી, પરંતુ લગ્ન સમયે ઘૂંઘટમાંથી એની શ્યામસુંદર મૂર્તિ નિહાળી છે, માટે મારો આ લૌકિક પતિ જગત્‌ની દૃષ્ટિએ પ્રિય છે, પરંતુ મારો પ્રિયતમ તો યશોદાનો લાલ જ છે. એનાં દર્શન વિના મને ચેન ક્યાંથી પડશે ?

અને ઊભાં ઊભાં પ્રેમવતીનાં અંગોએ જાણે કે વિવાદ શરૂ કર્યો,

**મન અને ચરણનો ઝઘડો થયો રે લોલ, ગોપી ઊભી છે ઘર દ્વાર જો ।**
**દર્શન વિના ના મન માનતું રે લોલ, ચરણ કહે પતિ ગૃહે ચાલ જો ॥**
**દર્શન વિના ના... ૫**

પ્રેમવતીના મન અને ચરણની વચ્ચે ઝઘડો ચાલી રહ્યો છે, મન કહે છે કે મનમોહનના દર્શન વિના આગળ વધી જ કેમ શકાય ? ત્યારે ચરણો કહે છે, પતિગૃહે જવું જોઈએ ત્યારે મન કહે છે, પ્રિયતમનાં દર્શન વિના તને ચેન ક્યાંથી પડશે...?

મન અને ચરણના ઝઘડામાં કોના પક્ષમાં ન્યાય આપવો ? એ નહિ સૂઝવાથી પ્રેમવતી તો નંદાલયના બારણામાં બહારના ભાગમાં દૃષ્ટિ પાથરીને ઊભી રહી, ત્યાં તો તેની આંખો બોલી ઊઠી,

**બાવરી બનીને શું ઊભી રહી રે લોલ, સામે આવે છે ઘનશ્યામ જો ।**
**વાછરડાં પાછળ એ દોડતા રે લોલ, તારા અંતરના આરામ જો ॥**
**દર્શન વિના ના... ૬**

અને ગોપીએ દૂરથી જોયું, એ જ મારા મનમોહન છે, જેને હું મંડપમાં વરી ચૂકી છું પરંતુ જગતની દૃષ્ટિએ આવી વાતો ક્યાંથી સમજાય ? એ તો આત્માનો પતિ છે ત્યારે દેહનો પતિ તો એનો મિત્ર છે. અરે, એ તો એના સાથે વાતો કરી રહ્યો છે હવે પ્રેમવતી તન્મયતાથી એ બંને મિત્રોની વાતો સાંભળવા લાગી, કન્હૈયો કહી રહ્યો છે,

**વાછરડું વનમાંથી ભાગીયું રે લોલ, કોઈને એ નવ રહ્યું હાથ જો ।**
**તેની પાછળ દોડવું પડ્યું રે લોલ, ત્યાં તો મળ્યો મિત્રનો સંગાથ જો ।।**
**દર્શન વિના ના.... ૭**

ભાઈ ! શ્રી કૃષ્ણે કહ્યું, આ વાછરડું વનમાં ચરતા ચરતાં ભાગી નિકળ્યું, કોઈ ગ્વાલબાલોના હાથમાં આવ્યું નહિ, આથી મારે જ એની પાછળ દોડવું પડ્યું. સારું થયું કે અહીં આવતાં મિત્રનો સંગાથ મળી ગયો.

અરે વાહ ! પ્રેમવતીનું હૃદય પ્રેમથી છલકાઈ ઊઠ્યું, મારો નાનકડો નટવર આજથી કેવું નાટક કરી રહ્યા છે ? વાછરડાંને બ્હાને દોડીને મને દર્શન આપવા આવ્યો. ને એના મિત્ર આગળ કેવી વાતો બનાવી રહ્યો છે ? મનના માલિક વિના મનની વાત ભલા કોણ જાણી શકે ? મારું મન સાક્ષી પૂરે છે કે,

**વાછરડાં રૂપ મારું ચિત્ત છે રે લોલ, બ્હાનું બતાવી આવ્યા શ્યામ જો ।**
**નહિ તો મધ્યહ્નના આ તાપમાં રે લોલ, દોડીને આવે શું કામ જો ।।**
**દર્શન વિના ના....૮**

નહિ નહિ ગોપી મનમાં વિચારી રહી છે, આ પશુ રૂપ વાછરડાંની પાછળ કન્હૈયાને શું કામ દોડયા આવવું પડે ? ગ્વાલબાલકો તો સાથે જ હતા, એ આ નાનકડાં વાછડાંને પકડી ન શકે પણ મારા ચિત્તરૂપી વાછડાને પકડવા જ મારો શ્યામ આવ્યો છે, આવા તાપમાં. નહિતર એ શા માટે દોડ્યો આવે ?

શું કરું હવે ? વાતો તો એના સાથે એકાન્તમાં કરવી છે. અત્યારે તો માનસી સેવાથી જ મન મનાવી લઊં. લૌકિક પતિની હાજરીમાં બીજું તો શું થઈ શકે ? મનમોહન મારા મનને પિછાણે છે, કારણ કે,

**મનના મંદિરમાં એનો વાસ છે રે લોલ, સામે ઊભા છે ઘનશ્યામ જો ।**
**પ્રેમના બિન્દુ થકી પૂજા કરું રે લોલ, મંત્ર નહિ મૌનમાં વિરામ જો ।।**
**દર્શન વિના ના... ૯**

એ તો મારા મન મંદિરમાં વસેલો જ છે, સ્થૂલ રૂપે સામે ઊભેલા ઘનશ્યામની આંખોનાં અશ્રુબિન્દુઓથી પૂજા કરી લઊં, મંત્રો તો આવડતા નથી. મારા મૌનને એ મનમોહન મંત્રો માની લેશે.

ગોપીના બંને નેત્રો શ્યામના સ્વરૂપ સાગરમાં તરતી માછલીની જેમ મસ્ત બની ગયાં. શ્યામના નેત્રોએ સમસ્યાથી સ્નેહ સેવાનો સ્વીકાર કર્યો. પ્રેમવતી ઘડીભર આંખો મીચીંને નીચું જોઈને જાણે ભાવ સમાધિમાં સ્થિર બની ગઈ, ત્યાં તો લૌકિક પતિનો સ્વર સંભળાયો.

**નંદનો કુમાર તારા ભાગ્યથી રે લોલ, આવી મળ્યો અકસ્માત જો ।**
**ઈચ્છા હતી તારી નિરખવા રે લોલ, તારો દિયર ને મારો ભ્રાત જો ॥**
**દર્શન વિના ના.... ૧૦**

સાંભળ ગોપી ! લૌકિક પતિ કહી રહ્યો હતો, આ નંદકુમારે અત્યારે તારા ભાગ્યથી જ સામે ચાલીને દર્શન આપ્યાં છે. કારણ કે એનાં દર્શન માટે તારી પ્રબળ ઈચ્છા હતી. આ કન્હૈયો તારો દિયર અને મારો તો ભાઈ છે.

અને પ્રેમવતીએ નેત્રો ભરી ભરીને દૂરથી નંદકુમારને નિરખી લીધા અને માનસિક ભાવે શ્યામને આમંત્રણ આપ્યું, ત્યાં તો શ્યામસુંદરે સામે ચાલીને ભાભીને પૂછ્યું,

**ભાભી ! આવ્યાં છો નવા પિયરથી રે લોલ, લાવ્યા હશો પાકને પકવાન્ન જો ।**
**કાલે આવીને આરોગશું રે લોલ, રાખશો ને મારી ઓળખાણ જો ॥**
**દર્શન વિના ના.... ૧૧**

સામે આવીને કન્હૈયો મંદ હાસ્ય કરતાં કહી રહ્યો છે. ભાભી ! પિયરમાંથી નવે નવાં આવ્યાં છો, એટલે પાકને પકવાન્નો તો લાવ્યાં જ હશો. આજે તો વનમાં પાછા જવું છે, પરંતુ આવતી કાલે આવીને આરોગશું, તમારા પિયરનો પ્રસાદ, ઓળખાણ રાખશોને ? કહેતાં કહેતાં તો વાછરડાનું પૂછડું પકડી શ્યામસુંદરે ચાલતી પકડી, પ્રેમવતી વૃંદાવનની વાટમાં નજર બિછાવતી જોઈ જ રહી. અને,

**ગોવિંદ ગયો ને બની બાવરી રે લોલ, નયનોમાં નેહ તણાં નીર જો ।**
**હૈયા વિહોણી ચાલી ઘરભણી રે લોલ, હૃદય ગયું યમુનાને તીર જો ॥**
**દર્શન વિના ના.... ૧૨**

કન્હૈયો તો ચાલ્યો ગયો ને પ્રેમવતી મુગ્ધા બનીને આંખોમાં સ્નેહનાં આંસુ સારતી હૈયા વિહોણી બનીને ઘર તરફ ચાલતી થઈ. હૃદય તો શ્યામની પાછળ યમુનાકિનારે હતું. આ બાવરી ગોપીના હૃદયના ખેતરમાં શ્યામ સ્નેહનાં બીજ રોપાઈ ચૂક્યાં હતાં અને,

**જેનું હતું જે, તે તેને મળ્યું રે લોલ, દેહ ગયો લૌકિકમાં ઘેર જો ।**
**ચિત્ત તો મળ્યું છે ચિત્તચોરમાં રે લોલ, 'મંગલ' મનમોહનની મહેર જો ।।**
**દર્શન વિના ના... ૧૩**

હૃદય તો પ્રેમવતીએ શ્યામને સમર્પિત કરી દીધું હતું એ જેનું હતું તેને મળ્યું. હવે બાકી રહ્યો હતો સ્થૂળ દેહ, એ લૌકિક પતિના પાછળ ઘેર ગયો, ચિત્ત તો ચિત્તચોર હરણ કરીને વૃંદાવનમાં પહોંચી ગયો હતો.

વ્હાલા વાંચકો ! દર્શનની આતુરતાથી આ પ્રેમવતીને પ્રભુએ ક્ષણ માત્ર માટે દર્શન તો આપ્યા, પ્રેમનાં બીજ પ્રેમવતીના હૃદય ક્ષેત્રમાં વવાઈ ગયા. પ્રેમવતીની આગળ કેવી સ્થિતિ થાય છે, તે આપણે આવતા અંકમા જોઈશું. પ્રણામ....

**(ક્રમશ......)**

---

# કસ્તુરી મૃગ

''જિંદગીભર હું જેને શોધવા માટે જંગલમાં દોડતો રહ્યો તે સુગંધ મારી પાસે જ હતી'' કસ્તુરી મૃગે મરતાં પહેલા સંદેશો આપતાં કહ્યું કે, ''હે કસ્તુરી મૃગો ! તમે સુગંધી માટે વ્યર્થમાં દોડાદોડ કરશો નહીં. સુગંધ તમારી નાભિમાં જ છે.'' જંગલના હરણાંઓને આ વાત સમજાઈ ગઈ પરંતુ આજે સમગ્ર માનવ જાત કસ્તુરી મૃગની માફક દોડી રહી છે. ધન, દોલત, વૈભવ, યશ, કીર્તિની સુગંધને પામવા બસ વ્યર્થમાં એ દોડ્યા જ કરે છે, દોડ્યા જ કરે છે.

## સુખ એ જ કલ્યાણ નથી સર્વદા

કવિ ન્હાનાલાલે સુખ વિશેની એક સરસ મજાની વાત અહીં કરી છે. સુખ એટલે શું ? તો એની કોઈ નિશ્ચિત વ્યાખ્યા આપી શકાય તેમ નથી. સુખ એ ખૂબ જ સાપેક્ષ છે. વ્યક્તિએ-વ્યક્તિએ એની વ્યાખ્યા અલગ-અલગ હોય છે. એ પ્રમાણે સુખનું સ્વરૂપ પણ અલગ-અલગ હોય છે. આપણા મનને ગમે, આપણને અનુકૂળ હોય તે સુખ એવું સામાન્ય રીતે માનવામાં આવતું હોય છે. આ સંદર્ભમાં ઉપનિષદમાં શ્રેય અને પ્રેયની વાત કરવામાં આવી છે. તે ખૂબ જ ઉપયુક્ત છે. આપણને ગમતું હોય અનુકૂળ હોય તે બધાનો સમાવેશ આપણે પ્રેમમાં કરી શકીએ તેમ છીએ,

પરંતુ એવું સુખ કવિ ન્હાનાલાલ કહે છે તે પ્રમાણે હંમેશાં શ્રેયસ્કર કે કલ્યાણકારી હોતું નથી. ઉપનિષદમાં કહેવાયું છે કે,

**શ્રેયશ્ચ પ્રેયશ્ચ મનુષ્ય મેતઃ, તૌ સંપરીત્ય વિવિનક્તિ ધીરઃ।**

અર્થાત્ શ્રેય અને પ્રેય આપણી સામે આવીને ઊભા રહી જતા હોય છે. ધીર મનુષ્ય બંનેની યોગ્ય રીતે ચકાસણી કરી પોતાની વિવેક બુદ્ધિથી પસંદગી કરે છે. તે હંમેશાં પોતાના સુખ-પ્રેયના કરતાં શ્રેય એટલે કે કલ્યાણનો માર્ગ પસંદ કરે છે. વ્યવહારમાં સામાન્ય રીતે આપણે આપણા મનને ગમતા પ્રેયને પસંદ કરતાં હોઈએ છીએ, જે હંમેશાં કલ્યાણકારી હોતું નથી. જ્યારે શ્રેયનો માર્ગ સદા સર્વદા સહુને માટે કલ્યાણકારી હોય છે. આ બંને વચ્ચેની પસંદગી એ અધ્યાત્મ સાધનાનું પ્રથમ સોપાન છે. આપણે સહુ શરીરના સુખને પ્રાધાન્ય આપી પ્રેયની પસંદગી કરતાં હોઈએ છીએ. વાસ્તવમાં સુખ બહારથી આવતું હોતું નથી. ખલીલ જિબ્રાન કહે છે તે પ્રમાણે સુખ એ આપણી ઈચ્છા કે મનોકામનાનું વાવેલું પુષ્પ છે. તેમાં હર્ષ શોક અને આશા-નિરાશા જેવા દ્વંદ્વોની મિશ્ર ધારા વહેતી હોય છે. જ્યારે શ્રેયનો માર્ગ એ અંતરાત્માની પ્રસન્નતાનો માર્ગ છે. એમાં સ્વાર્થ કે રાગ-દ્વેષને કોઈ અવકાશ નથી. શ્રેયએ આત્મકલ્યાણ દ્વારા સર્વના કલ્યાણ તરફ લઈ જતો રાજમાર્ગ છે. શ્રેયાર્થીને આવા સુખ કે કલ્યાણના માર્ગને શોધવો પડતો હોતો નથી. એ વ્યક્તિ અને પરિસ્થિતિ વિશેની પૂરેપૂરી સમજણ કેળવી તેને સહર્ષ રીતે સ્વીકારી લેતો હોય છે. શ્રેયનો આ પરમ કલ્યાણનો માર્ગ છે.

**ડૉ.હરીશ દ્વિવેદી**

# હિસાબ પ્રભુનો

એક ગ્રામીણ નાળિયેરના વૃક્ષ પર ચઢીને ત્રોફા તોડી રહ્યો હતો. તે ઝાડની ટોચ પર પહોંચ્યો ત્યારે નીચે જમીન તરફ જોતાં ચક્કર આવી ગયા. તે એકદમ ગભરાઈ ગયો અને રડતાં રડતાં પરમાત્માને યાદ કરવા લાગ્યો. પ્રભુ હું નીચે ઉતરી રહ્યો છું. સહી સલામત ઉતારી દો તો એક સો રૂપિયાનું નૈવેદ્ય-ભોગ આપને ધરાવીશ. આમ બોલીને તે ધીમે ધીમે નીચે ઉતરવા લાગ્યો. ચોથા ભાગનું અંતર પૂરું થતાં તેનામાં થોડી હિંમત આવી ગઈ. તે મનમાં વિચારવા લાગ્યો કે આટલા ટૂંકા અંતર માટે એકસો રૂપિયા કંઈક વધારે છે. હું આખો દિવસ મહેનત કરું છું ત્યારે સો રૂપિયા મળે છે. બધા જ પૈસાનો ખર્ચ કરી કેવી રીતે કરું ? ભગવાનને પૈસાનો મોહ થોડો છે એટલે હું

ભગવાનને એકાવન રૂપિયામાં મનાવી લઈશ. આમ વિચારી એકાવન રૂપિયાનો સંકલ્પ કર્યો. તે ધીમે ધીમે થોડો વધુ નીચે આવ્યો. હવે તે અર્ધે રસ્તે આવી ગયો હતો. ફરીથી તેનું મન બદલાઈ ગયું અને વિચારવા લાગ્યો અરે પ્રભુ ! તમને મારા પ્રત્યે પ્રેમ તો છે. એટલા માટે તમે મને સલામત રીતે નીચે ઉતારી રહ્યા છો. તેઓ મને પ્રેમ કરે છે કંઈ પૈસાને થોડો પ્રેમ કરે છે. આમ વિચારી તેણે ફરી પાછું કહ્યું પ્રભુ, હું ગરીબ છું એટલા માટે આપને ૨૫ રૂપિયાની મીઠાઈનો ભોગ ધરાવીશ. આમ કહીને તે વધુ નીચે આવ્યો. તેને લાગ્યું કે ભગવાનને કેટલા બધા લોકો મીઠાઈ ધરાવે છે, બધી થોડી ખાય જાય છે એટલે ૨૫ રૂપિયાની મીઠાઈ પણ વધારે છે. આથી ભગવાન હું આપને ૧૧ રૂપિયાની મીઠાઈ ધરાવીશ. આપ મને સલામત નીચે ઉતારી દો.

હવે તે ગ્રામીણ બિલકુલ જમીનથી નજીક આવી ગયો હતો. ત્યારે તેની બુદ્ધિ ફરી ગઈ. વિચારવા લાગ્યો જો હું પહેલાથી જ સવારૂપિયો બોલી દેત તો પ્રભુ મને વચ્ચેથી પાડી દેત, ના ના એવું થતું નથી. આમ તો વિચાર જ કરી રહ્યો હતો ત્યાં તેમના હાથ છૂટી ગયા અને ઘડાકા ભેર નીચે જમીન પર પડ્યો અને વાગ્યું. આસપાસના લોકો તેને ડૉક્ટર પાસે લઈ ગયા. ડૉક્ટરે સારવારનું બીલ અને દવા આપી જેની કિંમત રૂપિયા પૂરા સો થઈ. આમ એના ઈલાજ માટે સો રૂપિયાનો ખર્ચ થઈ ગયો.

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પ્રશિક્ષણ શિબિર

**ધર્મપ્રાણ સુંદરસાથજી,**

**સાદર પ્રણામ સહ આપને સૂચિત કરતાં અત્યંત આનંદનો અનુભવ થઈ રહ્યો છે કે, પ્રત્યેક વર્ષની જેમ આ વર્ષે પણ તારીખ ૧ જૂન ૨૦૧૦ થી ૫ જૂન ૨૦૧૦ સુધી શ્રી ૫ નવતનપુરી ધામ જામનગર મુકામે શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં ભાગ લેવા ઈચ્છુક સુંદરસાથજીએ પોતાના નામની નોંધણી કરાવી દેવી જેથી વ્યવસ્થા કરવામાં સરળતા રહે.**

**વિષય : શ્રી ખુલાસા અને ખિલવત**

**સંપર્ક : પૂજારી શ્રી યમનાથ શાસ્ત્રી મો. ૯૮૯૮૦૧૬૬૭૭**

## સમાચાર દર્પણ

# શ્રી કૃષ્ણ પ્રણામી મંદિર-દીવ

**સંવત સત્રહ સૌ બાઈસો, દીવ પધારે શ્રી રાજ ।**
**દો બરસ તહાં રહે, સબ પૂરે મનોરથ કાજ ।।**

મહામતિ શ્રી પ્રાણનાથજી વિક્રમ સંવત ૧૭૨૨ માં દીવ પધાર્યા હતા. અમદાવાદથી શ્રી ૫ નવતનપુરી ધામ જામનગર આવી પોતાનો કાર્યક્રમ જણાવ્યા વગર તેઓ સીધા જ દીવબંદર પહોંચ્યા. શ્રી બાઈજીરાજને પણ તેઓએ પાછળથી બોલાવી લીધા હતાં. ત્યાં તેઓ બે વર્ષ સુધી રહ્યા. દીવમાં જયરામભાઈ કંસારા નામના સુંદરસાથ રહેતા હતા. તેઓની જાગણી સદ્‌ગુરુશ્રી દેવચંદ્રજી મહારાજ દ્વારા થઈ હતી પરંતુ પોતાનો કામધંધો કરતાં ધર્મકાર્ય પ્રત્યે અધિક સમય આપી શકતા નહીં. સામાન્ય સદ્‌ગૃહસ્થોની જેમ નિયમિત પૂજાપાઠ કરવો અને પોતાનો વ્યવસાય કરવો એજ તેમની દીનચર્યા હતી. બ્રહ્માત્માઓના આગમનનો મૂળભૂત ઉદ્દેશ્ય, સ્વયં જાગૃત થઈ બીજાને પણ જાગૃત કરવા આ વાતથી પરિચિત હોવા છતાં પણ સદ્‌ગુરુને આપેલા પોતાના વચનોનું પાલન કરી શક્તા નહીં એવામાં મહામતિ શ્રી પ્રાણનાથજીએ ત્યાં પધારી તેમને પોતાના કર્તવ્ય પ્રત્યે જાગૃત કરતાં કહ્યું કે,

**કબલોં કાંસા કૂટેગા, કબલોં હથૌડા એરણ।**
**કબલોં ઘરમેં બૈઠેગા, આઈ શિર પર ક્યામત રોસન ।।**

**યહ મુરદાર ચૌદહ તબક, સો અબ હોત હૈ નાસ ।**
**કછૂ સરમ ન આઈ હકકી, તુમ કહાવત ગિરોહ ખાસ ।।**

અરે જયરામભાઈ ! હાથમાં હથોડો લઈ ક્યાં સુધી કાંસા ટીપતાં રહેશો ? મોતની ઘડી ક્યારે સામે આવશે એની ખબર પડશે નહીં. આ ઘર સદાને માટે નથી. જ્યારે સમગ્ર દુનિયા જ નષ્ટ થઈ જશે ત્યારે દુનિયાની આ દોલત પણ નષ્ટ થઈ જશે. તમે તો અવિનાશી પરમધામના છો. સદ્‌ગુરુએ તમને તારતમ જ્ઞાન આપતા પરમધામની વાતો સમજાવી હતી. તમને પરમધામના આત્મા રૂપે પિછાણી સ્વયં જાગૃત થઈ અન્ય આત્માઓને જાગૃત કરવાની જવાબદારી સોંપી હતી. તમે તો બધું જ ભૂલીને માયામાં મગ્ન બની ગયા. માત્ર નિયમિત પૂજાપાઠથી આપણું કર્તવ્ય પૂર્ણ થતું નથી. પરમધામના આત્માઓને તો પોતે જાગી બીજાને જગાડવા પડે. તમે તમારા મૂળ સ્વરૂપને જુઓ,

તમારો પર આત્મા પરમધામ મૂલમિલાવામાં શ્રી રાજજીની સમક્ષ બેઠો છે. તમે પોતે તો માયાનો ખેલ જોવાની ઇચ્છા કરી હતી અને ધામધણીને એ વચન પણ આપ્યું હતું કે માયામાં જઈને ભૂલીશું નહીં. બીજાને જગાડવાની વાત તો દૂર રહી તમે પોતે પણ ભૂલી ગયા. આપણી બુનિયાદને યાદ કરો, વ્રજ અને રાસની લીલામાં પણ તમે હતા. આ જાગણી લીલામાં પણ તમે સદ્ગુરુ પાસેથી તારતમ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. તેમ છતાં પણ તમને સદ્ગુરુના વિષયમાં કોઈ ખ્યાલ રહ્યો નહીં. સદ્ગુરુ મારા હૃદયમાં બેસીને તમને પોતાના કર્તવ્યનો બોધ કરાવે છે. હવે માયામાંથી ઊઠો, જાગો અને આપના કર્તવ્યનું પાલન કરો.

બસ, આટલું સાંભળતાં જ જયરામભાઈને ધામ, પરમધામ, વ્રજ, રાસ તથા જાગણી લીલાનું સ્મરણ થઈ આવ્યું. બ્રહ્માત્મા તો હતા જ અને સદ્ગુરુનું સાન્નિધ્ય પણ મળ્યું હતું. મહામતિએ તેઓને કર્તવ્યનો બોધ કરાવ્યો, ત્યારે તેમનો આત્મા જાગૃત થઈ ગયો. તેઓએ પોતાનું નિવાસ સ્થાન તથા પોતાની સંપત્તિ મહામતિના ચરણોમાં સોંપી દીધી. તેમનું ઘર હવે ઘર રહ્યું નહીં **શ્રી કૃષ્ણ પ્રણામી મંદિર-દીવ** બની ગયું. મહામતિએ આ રીતે દીવમાં શ્રી કૃષ્ણ પ્રણામી મંદિરની સ્થાપના કરી ત્યાં જ સત્સંગ-ચર્ચા કરવાનો આરંભ કર્યો. બે વર્ષ સુધી તેઓ ત્યાં રહ્યા. જાગણી પણ સારી થઈ પરંતુ કેવળ દીવમાં રહેવું મહામતિને ઠીક ન લાગ્યું. શ્રી રાજજી તેમની પાસે દેશ-વિદેશમાં ભ્રમણ કરાવી વિભિન્ન સ્થાનોમાં પથરાયેલા બ્રહ્માત્માઓની જાગણી કરાવવા ઇચ્છતા હતા. આથી એક પછી એક એવા સંજોગ ઊભા થતાં ગયા આથી મહામતિએ ત્યાંથી પ્રસ્થાન કરી સમુદ્ર કિનારાના જુદા-જુદા નગરોની યાત્રાનો પ્રારંભ કર્યો.

ધર્મપ્રેમી સુંદરસાથજી ! આ દીવનો સંક્ષિપ્ત ઇતિહાસ છે. વિસ્તૃત વિવરણ માટે વીતકોનું અધ્યયન કરી શકો છો. આપને અહીં એટલું યાદ અપાવીએ છીએ કે દીવમાં આવેલ શ્રી કૃષ્ણ પ્રણામી મંદિર મહામતિ શ્રી પ્રાણનાથજીના સમયથી જ છે. સમય સંજોગ અનુસાર એમાં સુધારા-વધારા થતાં રહ્યા છે અને ભવિષ્યમાં પણ થતાં રહેશે પરંતુ સ્થાન તે જ છે.

આ મંદિર આજે શ્રી ૫ નવતનપુરી ધામના માર્ગદર્શનમાં વિકસિત થઈ રહ્યું છે. મંદિરના નવનિર્માણની બહુ જ મોટી યોજના બનાવવામાં આવી છે. જેમાં વિશાળ કલાત્મક મંદિર ક્ષર, અક્ષર અને અક્ષરાતીતનું જ્ઞાન કરાવવાળું પ્રદર્શન તથા આધુનિક સુવિધાયુક્ત આવાસ સામેલ છે. આ એક વિશાળ યોજના છે. આપ બધાના સહયોગથી

જ આ સંપન્ન થશે. આ પુનિત કાર્ય માટે આપ સૌના અનુદાનની અપેક્ષા છે. આપ પોતે પણ યોગદાન કરો અને બીજાને આપવા માટે પ્રેરણા કરો.

**ભવ્ય કાર્યક્રમ :** આવી મહિમા મંડિત ભૂમિમાં તારીખ ૧૫ થી ૧૭ એપ્રીલ ૨૦૧૦ સુધી શ્રી તારતમ સાગરના પાંચ અખંડ પારાયણની સાથે ત્રિ-દિવસનો સત્સંગ સમારોહ ભવ્યતા તથા દિવ્યતાની સાથે સુસંપન્ન થયો.

**શુભારંભ :** તારીખ ૧૫ એપ્રીલ ૨૦૧૦ ના સુરમ્ય સુપ્રભાતે વિશાળ શોભાયાત્રા પછી શ્રી તારતમ સાગરના પાંચ અખંડ પારાયણનોં શુભારંભ થયો. સાથોસાથ દરરોજ સવાર સાંજ સત્સંગ પ્રવચન તથા રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમનો લાભ સુંદરસાથજી લેતા હતા.

**શોભાયાત્રા :** તા. ૧૫ મી એપ્રીલના રોજ બસ સ્ટેશનથી શોભાયાત્રાનો શુભારંભ થયો. શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મના વર્તમાન ધર્માચાર્ય જગદ્‌ગુરુ આચાર્યશ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ વિશાલ રથમાં બિરાજમાન હતા. જેના દર્શનથી ઉપસ્થિત સુંદરસાથ પોતાને ધન્યભાગી સમજતા હતા. વિશાળ સંખ્યામાં ઉપસ્થિત સુંદરસાથ ભજન, કીર્તન, રાસ-ગરબા ગાતાં ભક્તિ રસમાં તરબોળ થઈ રહ્યા હતા. આમ શોભાયાત્રા નગર પરિક્રમા કરી મંદિરના પ્રાંગણમાં પહોંચી. ત્યાં અખંડ પારાયણનો પ્રારંભ કરી આચાર્યશ્રીએ સભામંડપમાં સમગ્ર સુંદરસાથને આશીર્વચનનો લાભ પ્રદાન કર્યો.

**પૂર્ણાહુતિ :** તારીખ ૧૭ એપ્રિલ ૨૦૧૦ સવારે ૯-૦૦ વાગ્યે પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રી દ્વારા પારાયણની પૂર્ણાહુતિ કરવામાં આવી. આ અવસરે નવતનપુરી ધામ તથા જુદા-જુદા સ્થાનોથી પધારેલા સંતો તથા નવતનપુરી ધામના ટ્રસ્ટીઓ સહિત અનેક સુંદરસાથ ઉપસ્થિત હતા.

**ઝંડારોહણ :** પારાયણ પૂર્ણાહુતિ બાદ મંદિરના શિખર પર આચાર્યશ્રી મહારાજના કરકમલો દ્વારા ઝંડારોહણ થયું. પછી ભોજન પ્રસાદ ગ્રહણ કરી સુંદરસાથે પોતપોતાના સ્થાને પ્રસ્થાન કર્યું.

દીવ મંદિરના સંચાલક શ્રી લીલાધર શાસ્ત્રીના નેતૃત્વમાં આયોજિત આ ભવ્ય કાર્યક્રમને સફળ બનાવવા માટે જુદા-જુદા સ્થાનોથી પધારેલા આગેવાનોનો મહત્ત્વપૂર્ણ સહયોગ રહ્યો હતો. સૌને નવતનપુરી ધામના સુભાશિષ.

# સુર્વણ જયંતી મહોત્સવ-જયપુર

શ્રી કૃષ્ણ પ્રણામી મંદિર જયપુરની સ્થાપનાને પચાસ વર્ષ પૂર્ણ થયાની ખુશાલીમાં શ્રી તારતમ સાગરના ૧૦૮ સાપ્તાહિક પારાયણ, શ્રીમદ્‌ભાગત કથાની સાથે સુર્વણ જયંતી મહોત્સવનું ભવ્ય આયોજન શ્રી કૃષ્ણ પ્રણામી પંચાયત-જયપુર દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મના આચાર્યશ્રીઓ સંતો, મહંતો, વિદ્વાનો, સંગીતજ્ઞો સંત મનીષિ તથા વિદ્વાન વિદુષીઓએ સત્સંગ સભામાં સંબોધન કરી સુંદરસાથજીને લાભાવિંત કર્યા હતા. ભાગવત કથા, સાંસ્કૃતિક કાર્યક્રમો, શોભાયાત્રા જેવા વિવિધ કાર્યક્રમો સારી રીતે ભવ્યતા અને દિવ્યતાની સાથે શ્રી રાજજીની અસીમ કૃપાથી ઘણા જ હર્ષોલ્લાસ સાથે સુસંપન્ન થયા. પંચાયતના પદાધિકારીઓ તથા સ્વયં સેવકોની સેવા પ્રસંશનીય હતી.

# ૫૧ સાપ્તાહિક પારાયણ-અંજાર(કચ્છ)

શ્રી કૃષ્ણ પ્રણામી મંદિર અંજાર ખાતે સેવા પધરામણી થઈ એને ૧૦૧ વર્ષ પૂર્ણ થયેલ તથા નવનિર્મિત મંદિરની સેવાને પાંચ વર્ષ પૂર્ણ થયાની ખુશાલી પ્રસંગે અંજારના સુંદરસાથ દ્વારા તારતમ સાગરના ૫૧ સાપ્તાહિક પારાયણ તથા બે અખંડ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પાવન પ્રસંગે શ્રી ૫ નવતનપુરી ધામના આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ, મહામંગલપુરી ધામના આયાર્ય શ્રી ૧૦૮ સૂર્યનારાયણજી મહારાજ તથા ઓડથી શ્રી રાજશરણદાસજીએ ઉપસ્થિત રહી સત્સંગ પ્રવચનથી ધર્મલાભ કરાવ્યો. સપ્તાહ વ્યાપી કાર્યક્રમ દરમિયાન સુંદરસાથે ભજન-કીર્તનના માધ્યમથી ભક્તિ રસમાં તરબોળ રહ્યા. બન્ને આચાર્યશ્રીના આશીર્વચનનો લહાવો કચ્છના સુંદરસાથે લીધો હતો. આયોજકોને ધન્યવાદ સહ અભિનંદન.

# અમેરિકામાં છત્રશાલ સેવામંડળની સ્થાપના

અમેરિકાના ટેનેસી રાજયમાં, નેશવીલ શહેરમાં આવેલા શ્રી કૃષ્ણ પ્રણામી મંદિરમાં શ્રી છત્રશાલ સેવા મંડળની સ્થાપના કરવામાં આવેલ છે. પ્રમુખ તરીકે શ્રીમતી લીલાબેન ડી. પટેલની નિમણૂક કરવામાં આવી છે. મંડળનો કાર્યક્રમ દર મહિનાના ત્રીજા શનિવારે રહેશે. તેમાં પ્રાર્થના, પ્રવચન, ભજન સંધ્યા તેમજ સમૂહ ભોજન-પ્રસાદનો કાર્યક્રમ રહેશે. અમેરિકાના તમામ સુંદરસાથજીને ઉપરોક્ત કાર્યક્રમનો લાભ લેવા પ્રમુખશ્રી તરફથી હાર્દિક અનુરોધ કરવામાં આવ્યો છે.

# સમાચાર દેશ વિદેશના

૧.નર્મદા બંધની ૧૩૮ મીટર ઊંચાઈ મંજૂર. ગુજરાત સ્થાપનાના સ્વર્ણિમ જયંતી ઉજવણી દરમિયાન બંધનું કામ આગળ વધે એવી શક્યતા. ૫ મી એપ્રિલે બંધને ૫૦ વર્ષ પૂરા થયા છે. હવે એકાદ મહિનામાં રિહેબિલિટેશન અને રિસેટલમેન્ટ(આર. એન્ડ આર) પેરા જૂથની મંજૂરી મળતાં જ નર્મદા કંટ્રોલ ઓથોરિટીની આખરી મંજૂરી મળી જશે એવો વિશ્વાસ નર્મદા નિગમના અધિકારીઓએ વ્યક્ત કરી રહ્યા છે.

૨.ભારતમા સરેરાશ ૯૩ ટકા લોકો ૮ કલાક ઊંઘતા નથી. ઓછી ઊંઘના પરિણામ સ્વરૂપે જુદા જુદા પ્રકારની બીમારી વધવાની સાથે તેની સીધી અસર કામગીરી અને પારિવારિક જીવન પર પડે છે. ફિલિપ્સ ઇન્ડિયા દ્વારા સર્વેક્ષણ.

૩.ખાંટા અને તીવ્ર સ્વાદના ફળો રોજેરોજ ખાવાથી શરીરે મેદ જામતો નથી. નારંગીની ચીરીઓ રોજેરોજ ચાવીને ખાવાથી શરીર સરસ એકવડું અને સ્વસ્થ રહે છે તેમ યુનિવર્સિટી ઓફ મિલાનના નિષ્ણાંતોએ જણાવ્યું છે.

૪.હરિયાળીમાં કસરતથી શરીર સાથે મગજ પણ સ્વસ્થ બને છે. લોન, વૃક્ષો પાસે પાંચ મિનિટની કસરત આત્મવિશ્વાસ વધારે. સૂર્યપ્રકાશની હાજરીમાં કુદરતી હરિયાળીમાં રહેવાથી શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય સુધરે છે. તેમ તાજેતરમાં કરવામાં આવેલ અભ્યાસમાં જાણવા મળ્યું છે.

૫.૧ લીના રોજ ગુજરાત રાજ્યની સ્થાપનાની સ્વર્ણિમ ઊજવણી અમદાવાદ

મુકામે સરદાર સ્ટેડીયમાં ભવ્ય રીતે સંપન્ન થઈ. સ્ટેડીયમમાં વંદે ગુજરાત કાર્યક્રમે ગુજરાતના ઈતિહાસને ઉજાગર કરી દીધો. જ્યારે વૈવિધ્ય સભર નૃત્યો કરીને કલાકારોએ અનોખી કલાકૃતિ રજૂ કરીને માહોલને રંગીન બનાવી દીધો હતો. આ ઉપરાંત કલાકારોએ ગુજરાતની સંસ્કૃતિની અભિવ્યક્તિ રજૂ કરતાં સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. લેસર કિરણ અને મ્યુઝિકના અનોખા સંગમ સાથે લોકોએ ભવ્યાતિ ભવ્ય કાર્યક્રમને સપરિવાર નિહાળ્યો હતો. આ પ્રસંગે ભારતના પાંચ રાજ્યોના મુખ્યમંત્રીઓ તથા ૫૦ દેશના પ્રતિનિધિઓએ હાજરી આપી માનનીય શ્રી નરેન્દ્ર મોદીની વિકાસ કામગીરીની પ્રસંશા કરી હતી.

૬. ગુજરાતની સ્થાપનાના ૫૦ વર્ષની ઉજવણીના ભાગ રૂપે ગુજરાત રાજ્યના તમામ જિલ્લા, તાલુકા મથકો રોશીનીથી ઝગમગી ઊઠ્યા જિલ્લા, તાલુકા કક્ષાએ સાંસ્કૃતિક, ગુજરાત ગૌરવ ગાન દ્વારા સુંદર ઉજવણી કરવામાં આવી. સર્વત્ર જય જય ગરબી ગુજરાતનો નાદ ગૂંજી ઊઠ્યો.

---

# બીડી-તમાકુ ગુટકાના વ્યસનથી......

**વ્યસનથી જીવનની બરબાદી, વ્યસનમુક્તિ આપે આબાદી.**
**છોડો ગુટકા-બીડી-તમાકુ, તંદુરસ્તીથી નહીં કોઈ સદકુ,**

**જીવનમાંથી વ્યસન છોડો, પ્રભુ સાથે નાતો જોડો.**
**બીડી તમાકુ ગુટકા ખાય, એના ઘેર જમ વહેલા જાય.**

**ગુટકા-બીડી, તમાકુ એ છે નરકની સીધી સીડી.**
**વ્યસન હટાવો કુટુમ્બ બચાવો, તમારા વ્યસન પાછળ વેડફાતા.**

**પૈસા જેટલી રકમમાંથી તમારા સંતાનનું,**
**ભવિષ્ય ઉન્નત બનાવો. આ વ્યસનથી.**

**તમારું તન, મન અને ધન બરબાદ થશે.**
**ભારતમાં જ તમાકુના વ્યસનનો કારણે.**

**કેન્સર થવાથી છ લાખ લોકો મૃત્યુ પામે છે.**

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા સાહિત્ય સેવા

**વેકરી :** વેકરી ગામના સમસ્ત સુંદરસાથ નવતનપુરી ધામમાં ઘઉંની સેવા અર્પણ કરવા આવ્યા તે પ્રસંગે રૂા. ૧૪૦૦/ ભેટ મળી છે. સૌને ધન્યવાદ.

**જામનગર :** ધામવાસી કેશુભાઈ ભુરાભાઈ રૂપાપરાના આત્મકલ્યણાર્થે શ્રી ૫ નવતનપુરી ધામમાં ગોટાપારાયણ કરાવી તથા પાકી રસોઈ આપી આ પ્રસંગે સાહિત્ય સેવામાં રૂા. ૧૪૬૬ રૂપાપરા પરિવાર તરફથી ભેટ મળી છે. હસ્તે શ્રી પ્રવીણભાઈ કેશવજીભાઈ તથા શ્રી નીતિનભાઈ કેશવજીભાઈ રૂપાપરા.

**કુતિયાણા :** નિજાનંદ ટ્રેડર્સ કુતિયાણા મુકામે ટાટા સિમેન્ટ તથા ખીલાસરીનું કામકાજ પ્રારંભ કર્યાની ખુશાલીમાં રૂા. ૫૫૧/ ભેટ. આ નૂતન સાહસ આપશ્રીને લાભપ્રદ નિવડે એવી શુભકામના.

**સુરત :** સુશ્રી સ્નેહા ટી. વાય. બી. કોમમાં સૌરાષ્ટ્ર યુનિ.માં ટોપટેનમાં આવી તેની ખુશાલી અર્થે દાદાશ્રી ઉકાભાઈ નારણભાઈ કુંભાણી તરફથી રૂા. ૫૦૧/ ભેટ મળી છે. અભિનંદન. સ્નેહાબેન ભવિષ્યમાં પણ આવી જ ઉત્તરોત્તર પ્રગતિ કરતાં રહે એવી શુભકામના.

**મેવાસા :** ધર્મજ્ઞશ્રી વજુભાઈ લક્ષ્મણભાઈ રાદડિયા મેવાસા ગામેથી પદયાત્રા કરીને શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે રૂા. ૫૦૧/ ભેટ. ધન્યવાદ.

**અંજાર(કચ્છ) :** શ્રી કૃષ્ણ પ્રણામી મંદિર અંજારમાં સેવા પધરાવી તેને ૧૦૧ વર્ષ પૂર્ણ થયા તથા નૂતનમંદિરને પાંચ વર્ષ પૂર્ણ થયાની ખુશાલીમાં અંજારના સમગ્ર સુંદરસાથ તરફથી રૂા. ૫૦૧/ સાહિત્ય સેવામાં ભેટ.

**માંડાસણ :** ધર્મજ્ઞશ્રી અનિલભાઈ ભગવાનજીભાઈ ભંડેરી તરફથી સાહિત્ય સેવામાં રૂા. ૫૧૧/ શુભેચ્છા ભેટ મળી છે. ધન્યવાદ.

**મુંબઈ :** શ્રી કનુભાઈ મગનભાઈ જાદવની ૬૫ મી વર્ષગાંઠ(જન્મદિન) પ્રસંગની ખુશાલી અર્થે સાહિત્ય સેવામાં રૂા.૨૫૧/ ભેટ. આપશ્રીને નિરામય દીર્ઘાયુષ્યની શુભકામના સહ અભિનંદન.

**મેવાસા :** શ્રી રાજજીની અસીમ કૃપાથી શ્રી દિનેશભાઈ લક્ષ્મણભાઈ રાદડિયા મેવાસાથી નવતનપુરી ધામ પદયાત્રા કરી દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે પત્રિકાની સેવામાં રૂા. ૨૦૧/ ભેટ. ધન્યવાદ.

**જામખંભાળિયા :** શ્રી જયાશંકરભાઈ પુરોહિત પોતાના પિતાશ્રી ગોપાલભાઈ તથા માતાજી મોતીબેન સાથે નેપાળ કાઠમાડૌં તથા પન્ના તેમજ ઉત્તર ભારતમાં યાત્રા કરી નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલીમાં રૂા. ૨૦૦/ ભેટ મળી છે.

**ભરૂચ :** શ્રી આર. બી. રાઠોડ તરફથી પત્રિકાની સાહિત્ય સેવામાં રૂા. ૨૫૧/ શુભેચ્છા ભેટ મળી છે.

**ચિખલોદરા :** રાજીબેન, મણિબેન, જલ્પાબેન તથા સંદિપભાઈ ચિખલોદરાથી શ્રી ૫ નવતનપુરી ધામ પદયાત્રા કરી દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે રૂા. ૨૦૧/ ભેટ. સહુ પદયાત્રીઓને ધન્યવાદ.

**મુંબઈ :** ધર્મજ્ઞાશ્રી ભાનુબેન અરજણભાઈ આહીર તરફથી શ્રી ૫ નવતનપુરી ધામમાં પાકી રસોઈ આપી, ગૌશાળામાં ગાયોને કપાસિયા તથા વિવિધ સેવામાં દાન કરેલ છે. તેની ખુશાલી પ્રસંગે રૂા. ૨૫૧/ ભેટ. ધન્યવાદ.

**રાણા કંડોરણા :** શ્રી રાજાભાઈ કારાભાઈ રાવલિયા શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે પત્રિકાની સેવામાં રૂા. ૨૦૦/ ભેટ.

**અરેરા :** શ્રી રમણભાઈ ઈશ્વરભાઈ પટેલે ખેતરમાં નવો બોર કરાવતાં શ્રી રાજજીની કૃપાથી સારું પાણી આવ્યાની ખુશાલીમાં શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવી ગોટા પારાયણ કરાવી પાકી રસોઈ આપ્યાની ખુશી પ્રસંગે પત્રિકાની સાહિત્ય સેવામાં રૂા. ૨૦૧/ ભેટ. ધન્યવાદ.

**વડોદરા :** સુનિલભાઈ છોટાભાઈ ગોંદિયાની સુપુત્રી ચિ. પૂજાની સગાઈ થયાંની ખુશાલી પ્રસંગે પત્રિકાની સેવામાં રૂા. ૨૫૧/ ભેટ. અભિનંદન.

## ૧૫૧/ રૂા.

**જામનગર :** પરમધામવાસી માતાજી મણિબેન ગાંડુભાઈ સોજિત્રા(બેડિયાવાળા)ની પાવન સ્મૃતિ અર્થે ગોટાપારાયણ કરાવી કાચી રસોઈ આપી તેમજ લઘુ બંધુ દામજીભાઈ ગાંડુભાઈની છઠ્ઠી પુણ્ય તિથિ નિમિત્તે ભેટ મળી છે.

**જેતલસર :** શ્રી રાજજીની અસીમ કૃપાથી શ્રી રસિકભાઈ શિવાભાઈ ઠુંમર પદયાત્રા કરી નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે ભેટ મળી છે.

**દાવલી :** શ્રી દીપકભાઈ ભાણજીભાઈ આપલિયાને કમ્પ્યૂટર એંજિનિયર તરીકેની નોકરી મળ્યાની ખુશી પ્રસંગે ભેટ મળી છે. અભિનંદન.

**પોરબંદર :** લખમણભાઈ હરજીભાઈ તથા શાંતાબેન લખમણભાઈ પુરોહિત નેપાળ કાઠમાડૌં મુકામે યોજાયેલા નવતનધામના ઉદ્ઘાટન પ્રસંગે ૧૨૦૦ પારાયણના દર્શન કરી અને પન્ના, હરિદ્વાર, ગોકુલ, મથુરા, વૃંદાવનની યાત્રા કરી શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે ભેટ.

**રાણાકંડોરણા :** શ્રી હરેશભાઈ રાજશીભાઈ જોટાંગિયાએ નાનું ટ્રેકટર ખરીદ કર્યાની ખુશી પ્રસંગે પત્રિકાની સેવામાં ભેટ મળી છે.

**રાણાકંડોરણા :** પ્રણામી મહિલા મંડળની બહેનોએ શ્રી ૫ નવતનપુરી ધામમાં પાકી રસોઈ આપ્યાની ખુશાલી પ્રસંગે ભેટ મળી છે.

## ૧૦૧/ રૂા.

**કાલાવડ :** શ્રી સંજયભાઈ ગોપાલભાઈ કમાણીને ત્યાં ચિ. દિશાનો જન્મ થયાંની ખુશાલી પ્રસંગે ભેટ. અભિનંદન.

**હર્ષદપુર :** શ્રીમતી જ્યોત્સનાબેન

સંજયભાઈ વસોયા તરફથી ચિ. ધર્મના પ્રથમ જન્મદિન પ્રસંગની ખુશાલી અર્થે ભેટ.

**જામનગર :** શ્રી રાજ ભરોસે શુભેચ્છા ભેટ.

**મજોઠ :** શ્રી અરજણભાઈ ભવાનભાઈની વાડીમાં શ્રી તારતમ સાગરની ગોટા પારાયણનું તા. ૩૧-૩-૨૦૧૦ ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજકોટના સુંદરસાથ શ્રી ભીખાભાઈ, કિરીટભાઈ, અરવિંદભાઈ સોલંકી, દેવશીભાઈ મોલિયા, ભવાનભાઈ તથા મહિલા મંડળની બહેનોએ કાર્યક્રમમાં પધારી ધર્મલાભ લીધો અને કાર્યક્રમને દીપાવ્યો તેની ખુશાલી પ્રસંગે ભેટ.

**બોદાલ :** શ્રીમતી મંજુલાબેન હસમુખભાઈ શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે ભેટ.

**કાવિઠા :** ધર્મિષ્ઠાબેન ચંદ્રકાંતભાઈ શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે ભેટ.

**અમરેલી :** જિતેન્દ્રભાઈ ભીખુભાઈ ભંડેરીને ત્યાં તા. ૨૨-૨-૨૦૧૦ ના રોજ પુત્રરત્ન વેદનો જન્મ થયાની ખુશાલી પ્રસંગે ભેટ. અભિનંદન.

**પેટલી :** વિશાલકુમાર સૂર્યકાન્ત પટેલ પરિવાર શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**જામનગર :** શ્રી દિનેશભાઈ જે. અમરેલિયા તરફથી શુભેચ્છા ભેટ.

**જામનગર :** શ્રી પરેશભાઈ મોહનભાઈ સાવલિયાના સુપુત્ર નિખિલના જન્મદિનની ખુશાલી પ્રસંગે શ્રી રાજજીને નવા વાઘા ધરાવી મંદિરમાં પાકી રસોઈ આપ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**જેતલસર :** શ્રી જયેશભાઈ બાબુભાઈ ઠુંમર સાથે પાંચ સુંદરસાથ પદયાત્રા કરી જેતલસરથી શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**જેતલસર :** શ્રી બાબુભાઈ રામજીભાઈ ઠુંમરની કીડનીનું ઓપરેશન શ્રી રાજશ્યામાજીની કૃપાથી સફળતા પૂર્વક થયું તેની ખુશાલી પ્રસંગે ભેટ.

**ધ્રાફા :** શ્રી ઉદ્ધવજીભાઈ વસરામભાઈ શીલુનું મોટરસાઇકલ અમદાવાદમાં ગુમ થઈ જતાં શ્રી રાજજીના દર્શનની માનતા રાખી હતી. મોટર સાઈકલ મળી જવાની ખુશાલી પ્રસંગે ભેટ.

**ધ્રાફા :** શ્રી દિલીપસિંહ મનુભા જાડેજાનો પરિવાર નેપાલમાં નવતનધામમાં આયોજિત ૧૨૦૦ પારાયણના દર્શન કરી પન્ના, હરિદ્વાર, ગોકુલ, મથુરા, વૃંદાવન વગેરે તીર્થસ્થાનોમાં યાત્રા કરી શ્રી ૫ નવતનપુરી ધામમાં દર્શનાર્થે આવ્યા તે પ્રસંગે ભેટ.

**જામખંભાળિયા :** શ્રીમતી લાભુબેન રામજીભાઈ પુરોહિત નેપાલમાં નવનિર્મિત નવતનધામમાં આયોજિત ૧૨૦૦ પારાયણના દર્શન કરી આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**લાલપુર :** શ્રી જસ્મિનભાઈ એસ. કંરગિયા તરફથી પત્રિકાની સાહિત્ય સેવામાં શુભેચ્છા ભેટ મળી છે.

**પોરબંદર :** ધર્મજ્ઞા શોભનાબેન દિલીપકુમાર કોટેચા તરફથી ચિ. વંદનના જન્મદિવસની ખુશાલી પ્રસંગે ભેટ.

**રાજકોટ :** ધર્મજ્ઞા કાંતાબેન મગનભાઈ પાઘડાર મિત્રમંડળ-સુંદરસાથ સાથે શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે ભેટ.

**રાજકોટ :** ધર્મજ્ઞા મીસાબેન અંકિતભાઈ તાળાના જન્મદિનની ખુશાલી પ્રસંગે ભેટ.

**અંજાર :** શ્રી વલરામભાઈ અમરશીભાઈ ચૌહાણનો પરિવાર શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**રાજકોટ :** શ્રી જગદીશભાઈ એચ. રાદડિયા શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**રાજકોટ :** સુશ્રી હેમાલીબેન પ્રફુલ્લભાઈ તાળાના જન્મદિનની ખુશાલી પ્રસંગે ભેટ. અભિનંદન.

## રૂા. ૫૧/

૧.શ્રી ભીખાભાઈ ગોવિંદભાઈ સોજિત્રા-**રાજકોટ**. ૨.શ્રી બાલુભાઈ પી. ભંડેરી-**ચાડિયા.** ૩.સુશ્રી દિક્ષિતાબેન ગોપાલભાઈ ઝાલાવાડિયા-**હર્ષદપુર**. ૪.સુશ્રી નિકિતાબેન ગોપાલભાઈ ઝાલાવાડિયા-હર્ષદપુર. ૫.શ્રી નારણભાઈ કરસનભાઈ વસરા-**રાણાકંડોરણા**. ૬.શ્રી જેન્તીભાઈ બી. **કપોપરા** ૭.ધામવાસી શિવાભાઈ શનાભાઈ સોલંકી-**વલેટવા**.

***ઉપરોક્ત સર્વે સુંદરસાથજીના ઉપર શ્રી રાજશ્યામાજીની સદા મહેર રહે અને તેઓની સર્વાંગી પ્રગતિ સાથે ધાર્મિક ભાવનામાં અભિવૃદ્ધિ થતી રહે એવા શ્રી ૫ નવતનપુરી ધામના શુભાશિષ***

# ધામગમન

**ધુળશિયા** નિવાસી શ્રી વસરામભાઈ તથા હરજીભાઈના માતુશ્રી રળિયાતબેન ઉકાભાઈ વાગડિયાનું તા. ૨૯-૩-૨૦૧૦ ના રોજ ધામગમન થયેલ છે. તે નિમિત્તે સત્સંગ તથા ગોટાપારાયણ કરી સાહિત્ય સેવામાં રૂા. ૫૦૧/ ભેટ મોકલી છે.

**આંબલિયા** નિવાસી શ્રી પરબતભાઈ લખમણભાઈ સોલંકીનું તા. ૪-૪-૨૦૧૦ ના રોજ ધામગમન થયેલ છે. તેમની પાવન સ્મૃતિમાં સાપ્તાહિક પારાયણ કરાવી, ગૌશાળામાં ઘાસ નાખી, સંતોને પાકી રસોઈ આપી તે નિમિત્તે રૂા. ૧૫૧/ ભેટ મળી છે.

**વેરાવળ** નિવાસી ગોદાવરીબેન કોટેચાનું તા. ૧૨-૩-૨૦૧૦ ના રોજ ધામગમન થયેલ છે. તેમના આત્મ કલ્યાણાર્થે પત્રિકાની સેવામાં રૂા. ૧૦૧/ ભેટ મળી છે. હ. કાંતિભાઈ સી. કોટેચા.

**વેરાવળ** નિવાસી શ્રી પ્રાગજીભાઈ કોટેચાનું ધામગમન થયેલ છે. તેમના આત્મ કલ્યાણાર્થે પત્રિકાની સેવામાં રૂા. ૧૦૧/ ભેટ મળી છે. હ. કાંતિભાઈ સી. કોટેચા.

**જામનગર** નિવાસી વાઘજીભાઈ ભૂપતસિંહ વારા તા. ૩૧-૩-૨૦૧૦ ના રોજ ધામવાસી થયા છે. તેમના આત્મ કલ્યાણાર્થે શ્રી ૫ નવતનપુરી ધામમાં ગોટાપારાયણ રાખી પાકી રસોઈ આપી તે નિમિત્તે રૂા. ૧૦૦/ ભેટ મળી છે. હ. બહાદૂરભાઈ વાઘજીભાઈ વારા.

**જામનગર** નિવાસી જસ્મિનભાઈ વિનોદભાઈ પટેલના પુત્રનું તા. ૨૨-૩-૨૦૧૦ ના રોજ ધામગમન થયું છે. તેમના આત્મ કલ્યાણાર્થે ગોટા પારાયણ કરાવી તથા ગાયોને કપાસિયા ખવડાવ્યા તે નિમિત્તે રૂા. ૧૦૧/ ભેટ મળી છે.

સીંગા નિવાસી રાજેશભાઈના પિતાશ્રી ભગાભાઈ કાલિદાસ પટેલનું તા. ૨૪-૪-૨૦૧૦ ના રોજ ધામગમન થયું છે. તેમની સ્મૃતિમાં રૂા. ૧૦૧/ પત્રિકાની સાહિત્ય સેવામાં ભેટ મળી છે.

ભાદાજાળિયા નિવાસી કારીબેન ભીખાભાઈ પાઘડારનું તા. ૨૫-૪-૨૦૧૦ ના રોજ ધામગમન થયેલ છે. તેમના આત્મકલ્યાણાર્થે રૂા. ૧૦૦/ ભેટ મળી છે.

***ઉપરોક્ત ગતાત્માને શ્રી રાજજી પોતાના નિજચરણોમાં સ્થાન આપી શાશ્વત મુક્તિ પ્રદાન કરે તથા તેમના પરિવારજનોને તેઓનું વિરહજન્ય દુઃખ સહન કરવાની શક્તિ અર્પે એજ અભ્યર્થના.***

---

# ગૌશાળાની સેવા

**૧. માંડાસણ** નિવાસી ધામવાસી ગંગાબેન ચનાભાઈ ભંડેરીના આત્મ કલ્યાણાર્થે તેમના સુપુત્રો રૂડાભાઈ, છગનભાઈ, મૂળજીભાઈ, બાલુભાઈ તરફથી મગફળીનો ભૂકો એક ખટારો આશરે ૨૨૦ મણ જેટલો થાય તે ભર ઉનાળે આખર સિઝનમાં મળવાથી ઘણો લાભ થયો છે. સર્વ ભાઈઓને ધન્યવાદ.

**૨. શ્રી કૃષ્ણ પ્રણામી મહિલા મંડળ-દાવલી(તા.કાલાવડ)** ના બહેનો તરફથી મંદિરની

ગાયોના કપાસિયાની સેવા માટે રૂા. ૫૨૫૧ રોકડા મળ્યા છે. મંડળની તમામ બહેનોને ખૂબ ખૂબ ધન્યવાદ. હ. નાગજીભાઈ ભંડેરી.

**૩. શ્રીમતી ભાનુબેન અરજણભાઈ આહીર મુંબઈ** તરફથી ગાયો માટે કપાસિયાની સેવા મળી છે. ધન્યવાદ.

**૪. જામનગર** નિવાસી ધામવાસી કેસુભાઈ ભુરાભાઈ રૂપાપરાના આત્મ કલ્યાણ અર્થે શ્રી ૫ નવતનપુરી ધામની ગૌશાળામાં એક ગાયનું દાન (રૂા. ૧૧૦૦૦/) મળેલ છે. હ. પ્રવીણભાઈ કેશવજીભાઈ રૂપાપરા તથા નીતિનભાઈ કેશવજીભાઈ રૂપાપરા.

***ઉપરોક્ત સર્વે સુંદરસાથજીના ઉપર શ્રી રાજશ્યામાજીની સદા મહેર રહે અને તેઓની સર્વાંગી પ્રગતિ સાથે ધાર્મિક ભાવનામાં અભિવૃદ્ધિ થતી રહે એવા શ્રી ૫ નવતનપુરી ધામના શુભાશિષ***

---

# એપ્રિલ મહિનાનીની પાકી રસોઈની સેવા

| | |
|---|---|
| ૦૧.ધા.વા. આરતીબેન દિનેશભાઈ વરૂ | તણસવા |
| ૦૨.શ્રી વલ્લભભાઈ રામજીભાઈ વસોયા | ચંદ્રાગા |
| ૦૩.ધા.વા. લાલજીભાઈ લખનસીભાઈ ટાંક | અંજાર |
| ૦૪.એક સુંદરસાથ તરફથી ગુપ્ત સેવા | - |
| ૦૫.ધા.વા. ખીમાણંદભાઈ હમીરભાઈ સોલંકી | આંબલીયા |
| ૦૬.શ્રી નારણભાઈ જીવાભાઈ જોગલ | કુતિયાણા |
| ૦૭.ધા.વા. જિજ્ઞેશભાઈ કિશોરભાઈ સાવલીયા | જામનગર |
| ૦૮.ધા.વા. કેશુભાઈ ભુરાભાઈ રૂપાપરા | જામનગર(લાલવાડી) |
| ૦૯.શ્રી આનંદભાઈ વસંતભાઈ વેકરીયા | જામનગર |
| ૧૦.શ્રી કૃષ્ણ મોટર્સ હ. શ્રી જગદીશભાઈ ગાંધી | મુંબઈ |
| ૧૧.શ્રી કાળાભાઈ હરદાસભાઈ લુવા | ધરસન |
| ૧૨.ધા.વા. નવીનભાઈ જીણાભાઈ કમાણી | રાજકોટ |
| ૧૩.ધા.વા. વાઘજીભાઈ ભૂપતસિંહ વારા | જામનગર |

| | |
|---|---|
| ૧૪.શ્રી સરોજબાલા ઠાકુર | ચંદીગઢ |
| ૧૫.શ્રી મણિભાઈ ભોવાનભાઈ વાગડીયા | ધાવા(ગીર) |
| ૧૬.શ્રી મોહનભાઈ ખોડાભાઈ સાવલીયા | જામનગર |
| ૧૭.શ્રી નરેશભાઈ કાન્તિલાલ પૂંજાભાઈ પટેલ | મોયદ/વાસ નાથાજી |
| ૧૮.ધા.વા. બચીબેન શિવલાલ વસીયર | જામનગર |
| ૧૯.શ્રી વિજયભાઈ શામજીભાઈ પટેલ | રાજકોટ |
| ૨૦.શ્રી પ્રવીણભાઈ મગનભાઈ કોટડીયા | બેડીયા |
| ૨૧.સંત શ્રી ગોપાલદાસજી | શ્રી ૫ નવતનપુરી ધામ |
| ૨૨.શ્રી નરોત્તમભાઈ હરજીવનભાઈ કોટેચા | પોરબંદર |
| ૨૩.શ્રી કરશનજી નાનજી ગોહિલ | જામનગર |
| ૨૪.શ્રી પોપટભાઈ કલ્યાણભાઈ કોરડીયા | માળીલ |
| ૨૫.શ્રી રાસબિહારી કાનજીભાઈ સભાયા | રાજકોટ |
| ૨૬.શ્રી ગિરધરભાઈ ભગવાનજીભાઈ રાખોલીયા તથા | |
| શ્રી રામજીભાઈ રવજીભાઈ કાલસરીયા | રાતીધાર |
| ૨૭.શ્રી બબુબેન મુલચંદભાઈ હલવાસનવાલા | મુંબઈ |
| ૨૮.શ્રી કૃષ્ણ પ્રણામી મહિલા મંડળ | રાણાકંડોરણા |
| ૨૯.શ્રી લીલાધરભાઈ વાઘજીભાઈ સોજિત્રા | જામનગર |
| ૩૦.શ્રી રમણભાઈ ઈશ્વરભાઈ પટેલ | અરેરા |
| ૩૧.શ્રી ડાહ્યાભાઈ જીવરાજભાઈ ભંડેરી | માંડાસણ |
| ૩૨.ધા.વા. લાધીબેન છગનલાલ વાઢેર | અંજાર |
| ૩૩.શ્રી લખમણભાઈ શામજીભાઈ | અરલા |
| ૩૪.શ્રી પરબતભાઈ લખમણભાઈ સોલંકી | આંબલીયા |
| ૩૫.શ્રી સવજીભાઈ નાગજીભાઈ | ચલાલા |
| ૩૬.શ્રીમતી ભાનુબેન અરજણભાઈ આહીર | મુંબઈ |
| ૩૭.શ્રી અમીચંદભાઈ હીરાભાઈ પટેલ | ફતેપુર |




( १-१५ ) श्री ५ नवतनपुरी धाम द्वारा संचालित श्री कृष्ण प्रणामी मन्दिर दीवमें दिनांक १५-४-२०१० से १७-४- २०१० पर्यन्त आयोजित अखण्ड पारायणके विविध दृश्य ( १६ ) मोडासा गुजरात गुरुब्राह्मण समाजको आशीर्वचन प्रदान करते हुए परम पूज्य आचार्य महाराजश्री ।

RNI No. GUJ BIL /2006/18311 Registration No. GJN-1 / 2009-2011



( १-९ ) नवनिर्मित श्री कृष्ण प्रणामी मन्दिर त्रिकमपुरा पहाडियामें पूजा प्रतिष्ठाके अवसर पर आयोजित श्री १०८ पारायणाके दृश्य ( १०-१४ ) मोविया( गोंडल ) में श्री कृष्ण प्रणामी मन्दिरका शिलान्यास करते हुए तथा आशीर्वचन प्रदान करते हुए परम पूज्य आचार्य महाराजश्री

PRINTED BOOK

TO :

SHRI KRISHNA PRANAMI DHARMA PATRIKA
SHRI 5 NAVTANPURI DHAM JAMNAGAR - 361 001 (INDIA)